
SHREE SWAMINARAYAN
શ્રી સ્વામિનારાયણ

JUNE 2005



પ્રકાશકઃ- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧


Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1




પૂ.દાદાશ્રી અને પૂ.પિતાશ્રીની શુભ નિશ્રામાં પ.પૂ.લાલજી મહારાજને
પનયન સંસ્કારની વેદોક્ત વિધિ કરાવતાં પ્રધાનાધ્યાપક વાચસ્પતિમિશ્ર



પ.પૂ.અ.સૌ.બિંદુરાજા યજ્ઞોપવિતની રસમ કાજલ લગાવવાની વિધિ કરતાં.



મંત્રદિક્ષા વિધિમાં ત્રણે અપર સ્વરૂપોના અલૌકિક દર્શન



ઉપનયન સંસ્કાર બાદ પ.પૂ.અ.સૌ.ગાદીવાળાશ્રી પાસેથી અલૌકિક અમૂલ્ય
અને કરોડોની જીવન સંજીવની શિક્ષાપત્રીની ભેટને સહર્ષ સ્વીકારી પઠન કરતાં
પ.પૂ.લાલજી મહારાજશ્રી



સર્વોપરિ શ્રી હરિએ આપણા સૌ ઉપર અતિદયા કરી છે. શ્રી નરનારાયણદેવ
પીઠસ્થાન પર ત્રણ ત્રણ અપર સ્વરૂપોના વર્તમાન પેઢીને અવિરત દર્શન થાય
છે. પૂ.દાદાશ્રી પોતાના વ્હાલસોયા પૌત્ર રત્નને ચાંદલો કરી આશિષ આપી
રહ્યા છે.

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

SHREE SWAMINARAYAN શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૭ જુન - ૨૦૦૫



સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

લવાજમ
વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦

પ્રકાશન સમય
દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ
શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

એડ્રેશમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in

અ નુ ક્ર મ ણિ કા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩.	સ્વામિનારાયણ સંપ્રદાયની ગુરુપરંપરા	૫
૪.	અતિ ભવ્યતા અને દિવ્યતા સાથે ઉજવાયેલ પ.પૂ. લાલજીમહારાજશ્રીનો ઉપનયન સંસ્કાર	૯
૫.	સર્વોપરિ નરનારાયણ દેવમાં અપ્રતિમ સ્નેહ અને શ્રધ્ધા ધરાવતા આપણા પૂજ્ય મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી	૧૦
૬.	સત્સંગ સુરભિ : પ્રભાવ ઓળખ્યોને બન્યા પ્રભવાનંદ	૧૨
૭.	ભાવિ - આચાર્યશ્રીનો ઉપનયન સંસ્કાર	૧૪
૮.	સંસ્કૃત ભાષા	૧૫
૯.	ભગવાન શ્રી સ્વામિનારાયણ અને જેતલપુરધામ	૧૬
૧૦.	જીભ કોની સારી ?	૧૮
૧૧.	Live For Swaminarayan and die for Swaminarayan	૧૯
૧૨.	સત્સંગ બાલવાટિકા (૧) સ્નેહ વગરનું સંગીત (૨) ગાંઠનું ગોપીચંદન	૨૦
૧૩.	સત્સંગ સમાચાર દેશ-વિદેશના	૨૬

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ-૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮. ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
Visit us : www.swaminarayan.info
E-mail : snndmandir@india.com
શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાર્યાલય : ૨૨૧૬૬૭૬૭.

અસ્મદીયમ્

તંત્રીશ્રીની કલમે....

માનવ માત્રની મુક્તિની ઈચ્છા હોય જ છે. સાંસારિક દુઃખોથી છુટકારો મેળવવા માટે સૃષ્ટિના આદિકાળથી માનવ મથામણ કરતો આવ્યો છે. દુનિયાના કોઈ પણ છેડે જન્મેલો જીવ જે તે દેશ અને કાળને આધિન ગમે તેવા મતપંથ કે ધર્મ સંપ્રદાયમાં જન્મ્યો હોય પણ મુક્તિ માટે જાતજાતના ઉપાયો શોધવામાં લાગ્યો રહે છે. કોઈને આંશિક ઉપાય મળ્યો છે તો કોઈને સાચા ઉપાય તરફનો માર્ગ જ મળ્યો નથી. જેથી ઉલટાનો સાંસારિક વિંટબણામાં વધારે ને વધારે ખૂંપતો જાય છે. આવા અપાર દુઃખ દર્દ અને વેદનાના મહાસાગરમાં ડુબતા જીવના ઉપર અત્યન્ત કરૂણામય મૂર્તિ એવા અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ સર્વાવતારી ભગવાન શ્રી પૂર્ણપુરૂષોતમ નારાયણની કરૂણા દ્રવી ઉઠી અને અનંત જીવોને પોતાના દિવ્ય અક્ષરધામમાં આત્યંતિક મોક્ષ આપીને તેડી જવા માટે સ્વયં ભગવાન પુરુષોતમ નારાયણ આ પૃથ્વી ઉપર મનુષ્ય શરીર ધારણ કરીને પ્રકટ થયા અને આવા દિવ્ય ઉધ્ધવ સંપ્રદાયની સ્થાપના કરી. જેમાં શાસ્ત્ર મર્યાદા અને લોક મર્યાદાની સ્થાપના કરી શિલવાન અને ચારિત્ર્યવાન ભક્ત સમાજનું નિર્માણ કર્યું. આ સંપ્રદાયનો મુખ્ય આધાર શિલ અને ચારિત્ર્ય જ છે. જ્યાં શિલ ચારિત્ર્યનો ભંગ થાય તે સમાજમાં ટકી શકવાને યોગ્ય નથી જ. માનવ માત્રની ઓળખાણ જ ચારિત્ર્ય છે. તે ન હોય તે તો પશુ સમાન જ ગણાય. જેમ રામાયણમાં કહેવામાં આવ્યું છે કે : "चारित्र्यवानऽयं पुरुषः मानव" જે પુરૂષમાં ચારિત્ર્ય નથી તે માનવ કહેવાને લાયક જ નથી. અન્ય બાબતોમાં શિથિલતા ચલાવી લેવાય પણ ચારિત્ર્યની બાબતમાં જરાપણ શિથિલતાને જે સમાજ ચલાવી લેતો હોય છે તેનું અધઃપતન થયા વિના રહેતું જ નથી અને અધઃપતન થયેલો સમાજ અંતે જાતા અવશ્યમેવ નાશ જ પામે છે. નાશ પામતા સમાજને બચાવવાનો એકમાત્ર ઉપાય ચારિત્રની રક્ષા જ છે. ચારિત્ર્યહિન વ્યક્તિઓને નભાવવા એ મોટામાં મોટું પાપ છે. એવા પાપથી વર્તમાન સમાજ અને જનતા બચે એજ પરમેશ્વર ભગવાન શ્રી નરનારાયણ દેવના ચરણોમાં પ્રાર્થના વિના આપણી પાસે બીજો કોઈ ઉપાય નથી.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ
(મે – ૨૦૦૫)



(૧૩ એપ્રિલ,૨૦૦૫ શ્રી સ્વામિનારાયણ મંદિર, લવારપુર જી-ગાંધીનગર, દશાબ્દી મહોત્સવ પ્રસંગે પધાર્યા હતા).

૧ શ્રી સ્વામિનારાયણ મંદિર અંબાલા (જી.મહેસાણા) પારાયણ પ્રસંગે પધરામણી.

૩ પ.ભ. નિયમકુમાર એ. ઠક્કર ને ત્યાં વાસ્તુ પૂજન પ્રસંગે પધરામણી, સેટેલાઈટ.
પ.ભ.દિવ્યેશકુમાર એન. ઠક્કરને ત્યાં પધરામણી, બોપલ.
પ.ભ.નટવરલાલ જે. પટેલને ત્યાં પધરામણી, ગાંધીનગર-અમદાવાદ હાઈવે.

૭ શ્રી સ્વામિનારાયણ મંદિર નવા વાડજ સત્સંગ સભા પ્રસંગે પધરામણી, નવા વાડજ.

૮ કડી ગામે પધરામણી.

૯ ધમાસણાગામે શ્રી કષ્ટભંજન દેવની પ્રાણ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે કરી.

૧૦ પ.ભ. દશરથભાઈ પુરૂષોતમદાસ પટેલને ત્યાં મહાપૂજાની આરતી ઉતારવા પધાર્યા, સાબરમતી.

૧૧. પ.પૂ. લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના **ઉપનયન સંસ્કાર** પોતાની શુભ નિશ્રામાં વેદ વિધિસર સંપન્ન થયા.

૧૨-૧૩ શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ-કચ્છ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૪ શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા પાટોત્સવ પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલ, અમદાવાદ મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે આયોજીત શોભાયાત્રામાં પધાર્યા.

૧૫ શ્રી સ્વામિનારાયણ મંદિર બોપલમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પોતાના શુભ વરદ્ હસ્તે કરી.

૧૬ નારાયણનગર (કનીજ-જેતલપુર દેશ) શ્રી સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે પધરામણી.
પ.ભ. અલ્પેશ અશ્વિનભાઈને ત્યાં પધરામણી સોલારોડ.

૧૭ પ.ભ. બાબુભાઈ અંબાલાલ પટેલને ત્યાં પધરામણી, સોલારોડ.
પ.ભ. મુકેશકુમાર નટવરલાલ પટેલને ત્યાં સલાલ (સાબરકાંઠા) ગામે પધરામણી.

૧૮ કુકરવાડા ગામે પ.ભ. ભક્તિભાઈ રામાભાઈ પટેલને ત્યાં પધરામણી.
વિહારગામે પ.ભ. બહેચરદાસ ઉમેદદાસ પટેલને ત્યાં કથાની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી અને ત્યાં પ.ભ. કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલને ત્યાં ગંગા પૂજન પ્રસંગે પધરામણી.

૧૯ શ્રી સ્વામિનારાયણ મંદિર માનગઢ (તા.હળવદ, મૂળીદેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨૧ દિલ્હી શ્રી સ્વામિનારાયણ મંદિર દર્શનાર્થે પધાર્યા.
દિલ્હીમાં પ.ભ. જનકભાઈ ટાંક (કચ્છ ખંભરાવાળા)ને ત્યાં પધરામણી.

૨૦-૨૩ શ્રી સ્વામિનારાયણ મંદિર હરિદ્વાર (કનખલ-શંકરાચાર્ય ચોક) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. (તા. ૨૩-૫-૦૫).

૨૫ શ્રી સ્વામિનારાયણ મંદિર પેથાપુર (જી. ગાંધીનગર) પાટોત્સવ પ્રસંગે પધરામણી.
પ.ભ. કમલેશભાઈ (મંદિરના ગોર) ને ત્યાં યજ્ઞોપવિત પ્રસંગે આશીર્વાદ આપવા પધાર્યા, નવા વાસ, હાથીખાના.

૨૬ પ.ભ. ભીખાભાઈ ભાવસારના શ્રી સ્વામિનારાયણ મુદ્રણ મંદિરમાં પૂજન વિધિ પ્રસંગે પધરામણી, શાહીબાગ, દૂધેશ્વર રોડ.

૨૭ રણછોડપુરા (તા. વિજાપુર) ગામે પ.ભ. અંબાલાલ શંકરદાસ પટેલ અને ત્યાં અન્ય હરિભક્તોને ત્યાં પધરામણીઓ.

૨૮ શ્રી સ્વામિનારાયણ મંદિર, ધોળકા પાટોત્સવ, અભિષેક પોતાના વરદ્ હસ્તે કર્યો.
શ્રી સ્વામિનારાયણ મંદિર, વિરાટનગર, ઘનશ્યામનગર અમદાવાદ મૂર્તિ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે કરી.
પ.ભ. રમેશચંદ્ર શંકરલાલ ગજજર તથા પ.ભ. બાબુભાઈ ને ત્યાં પધરામણી, વિરાટનગર.

૨૯-૩૧ વાડાસર (કચ્છ-ભુજ) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે કરી.

સર્વે સત્સંગી માત્રને જરૂરી સૂચન

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની બહુજ સ્પષ્ટપણે પોતાના સર્વે આશ્રિતોને આજ્ઞા છે કે પોતાની આવકમાંથી દશમો ભાગ અથવા વ્યવહારે દુર્બળ હોય તેને વીસમો ભાગ દેશ વિભાગના આધારે પોતે જે દેશવિભાગમાં વસતા હોઈએ તે દેશ વિભાગના દેવને અર્પણ કરવો.

કેળવણી સંસ્થાઓ, ગુરૂકુળો કે મંદિરોના નિર્માણ થતા હોય અથવા કોઈપણ સ્થાનમાં દાન કરવું હોય તો ***ધર્મદામાં કાપ મૂકીને દાન ન અપાય. દેવનો ધર્મદો અમદાવાદ શ્રીનરનારાયણ દેવની ગાદીના આશ્રિતોએ શ્રીનરનારાયણદેવના કોઠારમાં જ પોતાનો ધર્મદો (રોકડ, અનાજ ઈત્યાદિ) જમા કરાવી પાકી પાવતી મેળવવી જરૂરી છે.***

સર્વાવતારી શ્રીહરિની ઈચ્છાથી આપણો સંપ્રદાય દેશ વિદેશમાં બહુ વિસ્તૃત અને વ્યાપક બનતો જાય છે. દાતાઓ ઘણી વખત ક્યાં દાન આપવું, ક્યાં વાસ્તવિક જરૂર છે. ઈત્યાદિથી પુરા સજાગ ન હોવાથી અયોગ્ય જગ્યાએ દાનનો પ્રવાહ વળી જાય છે. માટે દાતાઓને સૂચન છે કે દાન માટે યોગ્ય માર્ગદર્શન પ.પૂ.આચાર્ય મહારાજશ્રી પાસેથી મેળવવાથી જરૂરિયાતવાળા મંદિર, કેળવણી સંસ્થા, ગુરૂકુળ ઈત્યાદિ અંગે દિશા સૂચન મળી શકશે.

સ્વામિનારાયણ સંપ્રદાયની ગુરુપરંપરા

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી - બાપુનગર)

આપણા ઈષ્ટદેવ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન વડતાલના અઢારમાં વચનામૃતમાં પ્રશ્ન કરે છે જે, સત્સંગી હોય તેને અવશ્યપણે શી શી વાર્તા જાણી જોઈએ ? આ પ્રશ્ન નું વિવેચન કરીને પોતે જ ઉત્તર આપતા કહે છે. એક તો આપણો ઉધ્ધવ સંપ્રદાય છે. તેની રીત જાણી જોઈએ. તથા બીજી ગુરુ પરંપરા જાણી જોઈએ, તે કેવી રીતે તો ઉધ્ધવ તે રામાનંદ સ્વામીરૂપે હતા. ને તે રામાનંદ સ્વામી શ્રીરંગક્ષેત્રને વિષે સ્વપ્રમાં સાક્ષાત્ રામાનુજાચાર્ય થકી વૈષ્ણવી દીક્ષાને પામ્યા. માટે રામાનંદ સ્વામીના ગુરુ તે રામાનુજાચાર્ય છે, ને તે રામાનંદ સ્વામીના શિષ્ય અમે છીએ. એવી રીતે ગુરુ પરંપરા જાણવી. અને અમારા ધર્મકુળનું સ્થાપન કર્યું છે તેની રીત જાણવી....



હવે ધર્મવંશી આચાર્ય પરંપરાની રીત જાણતા પહેલા શ્રીહરિ ચરિત્રામૃત સાગર તેમજ શ્રીસ્વામિનારાયણ સંહિતા ગ્રંથના આધારે જઈએ તો નીચે મુજબ ગુરુ પરંપરા ચાલી છે. શ્રીકૃષ્ણ ભગવાને અસુરોનો નાશ કરીને પૃથ્વીનો ભાર ઉતાર્યો. અંતર્ધ્યાન થતા પહેલા મોક્ષ સંબંધી જ્ઞાન ઉધ્ધવજીને આપીને બદ્રીકાશ્રમમાં શ્રી નરનારાયણદેવની સમીપે રહેવાની આજ્ઞા કરી. તેથી ઉધ્ધવજી નિત્ય શ્રીહરિના ગુણ ગાઈને અનંત જીવને તારતા હતા. તે દરમિયાન મોક્ષ જ્ઞાનનો અધિકારી એવો એક પવિત્ર દ્વિજ તેમને મળ્યો. તેનું નામ સોમશર્મા હતું. આ સોમશર્મા દક્ષિણ દેશમાં વિષ્ણુપુરી ગામમાં કૃષ્ણ શર્માનામના એક પવિત્ર બ્રાહ્મણનો પુત્ર હતો. સોમશર્માએ પ્રથમ બ્રહ્મ વિદ્યા ભણવા માટે નાસિકમાં નીલકંઠ નામના વેદશાસ્ત્રના પારંગત અને સુશીલ બ્રાહ્મણને ગુરુ કરી મોક્ષ સંબંધી જ્ઞાન મેળવવા સદ્‌ગુરુના લક્ષણો જાણી તેવા જ્ઞાની ગુરુ મેળવવા નીલકંઠ બ્રાહ્મણને પગે લાગીને ચાલી નીકળ્યો. તીર્થોમાં ફરતો તે બદરીવનમાં આવ્યો. વિશાલાના દર્શન કર્યા. મેરુ તીર્થમાં ઉધ્ધવજીનો ભેટો થયો. શુકદેવજી પણ સાથે હતા. ઉધ્ધવજીના ચરણમાં વિપ્ર પડ્યો. મને અજ્ઞાન સિંધુ તથા કાળ, માયા, કર્મ, યમદૂતથી બચાવો. એમ પ્રાર્થના કરી. ત્યારે ઉધ્ધવજીએ વૃતાંત પૂછી, જ્ઞાનનો બોધ કરી ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય જેમાં મુખ્ય છે. એવી ભાગવતી દીક્ષા આપી. ભાગવત ધર્મનો ઉપદેશ કરી ધામ અને મોક્ષની રીત કહી. ઉધ્ધવે આપેલા અષ્ટાક્ષર મંત્રનો જપ કરવાથી સોમશર્માને ભ્રાંતિ મટી અને દિલમાં શાંતિ થઈ. ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વિપ, બ્રહ્મપુર આદિ ધામનાં દર્શન કરતો ધામમાં પરબ્રહ્મનાં

દર્શન કરી મગ્ન રહેતો અને નિર્મળ આત્મસ્વરૂપને ધારીને જગત વિસારી મુક્યું. તેથી આત્માનંદ નામ પાડ્યું. પછી ઉધ્ધવજીએ ભગવાનને વધારે પ્રસન્ન કરવા માટે આત્માનંદ ને આજ્ઞા કરતા કહ્યું :- મથુરા, વૃન્દાવન, દ્વારકા, અયોધ્યા, જગન્નાથપુરી વગેરે પુણ્ય ક્ષેત્રોમાં ફરી ભાગવત ધર્મનો પ્રચાર કરજે. ભૂતળ ઉપર ધર્મ ભક્તિ પ્રગટાવી મોક્ષની પ્રેરણા કરજે. મારે લીધે જેવી તમારા કામની સિધ્ધિ થઈ તેવી જ તમારાથી તમારા શિષ્યને થશે. એમ શુભ પરંપરા ચાલશે. એવી મારી આશિષ છે. તમારી પરંપરાનો જે દ્વેષ કરશે તે રાજા કે પ્રજા નિર્વંશ થશે. તમારા દ્રોહીનો નાશ કરે તેવો એક રાજા થશે. ઉધ્ધવની આજ્ઞા માથે ચડાવી તે વિપ્ર મથુરા થઈ અનેક આશ્રિત જનોને બ્રહ્મરૂપ કરી, દ્વારકા આવી સિંધુ તીરે ગોપેશ્વરનું મંદિર છે ત્યાં રહ્યો.

આ આત્માનંદ મુનિના શિષ્ય ગોવિંદમુનિ સમાધિનિષ્ઠ થયા. ગોવિંદ મુનિના શિષ્ય આનંદમુનિ પણ તેવા જ પ્રતાપી થયા. આનંદમુનિના શિષ્ય ગોપાળમુનિ થયા. અને તેમના શિષ્ય બીજા આત્માનંદમુનિ સમાધિ નિષ્ઠ થયા. તે ધ્યાનમાં અપાર નિરાકાર તે જ દેખતા અને તેમાં જ અપાર સુખ માનતા.

બીજા આત્માનંદ સ્વામીનું ટૂંકમાં વૃતાંત જોઈએ તો ચતુર્વેદી મોઢ વિપ્ર ગોપી ભટ્ટ કે જેમનું શ્રીજી મહારાજે ગઢપુરમાં ઉત્તમ રાજા દ્વારા સન્માન કરાવેલું, તે ગોપીભટ્ટના પિતા વિશ્વંભર ભટ્ટ બહુ સમર્થ હતા. તે મનમાં ધારે તે તરત થઈ જતું. ઈશ્વર જેવા તેમનામાં ગુણ હતા. સોરઠ દેશમાં નવા નગર પાસે કુંભાવન નામના ગામમાં સત્તરસો ત્રીસમાં વિજયા દશમીના દિવસે શ્રવણ નક્ષત્રમાં સાયંકાળે તેમનો જન્મ થયેલો. છ વર્ષની ઉંમરે પિતાનું અવસાન થવાથી પોતાની માતા સાથે ગારીયાધાર આવીને રહ્યા. ૧૨ વર્ષ સમુદ્રને તીરે ગોપનાથ મહાદેવમાં ગોપાળાનંદ બ્રહ્મચારી પાસે વેદ ભણ્યા. ગારીયાધાર આવી ગૃહસ્થ બન્યા. વૃંદાવનમાં બ્રહ્મવેતા તૈલંગી વિપ્ર ગોપેશ્વરને ગુરુ કર્યા. ગુરુને રાજી કરી તેમની આજ્ઞાથી ગારીયાધાર છોડી આંસોદર ગામે આવીને વસ્યા. પોતે કૃષ્ણ ભક્તિ કરતા અને અગણિત ગૃહસ્થોને ભગવાનની ભક્તિ કરાવીને ભવપાર કરતા. ૬૦ વર્ષની ઉંમરે ઘર તજ્યું. દ્વારકા આવી માધવાનંદ નામના એક ધર્મિષ્ઠ ત્યાગીના યોગથી પોતે પૂર્ણાનંદ નામના સન્યાસી બન્યા. ત્યાંથી ગોપનાથ મહાદેવ આવી ગોપાળાનંદ બ્રહ્મચારીને ગુરુ કર્યા. સર્વ શાસ્ત્રનું ગુરુમુખથી શ્રવણ કર્યું. ગુરુ પ્રતાપથી સમાધિનિષ્ઠ થયાં. ગુરુએ શિષ્યને પરમહંસ દીક્ષા ગ્રહણ કરાવી આત્માનંદ સ્વામી નામ પાડ્યું. જે આગળ કહેલી પરંપરાના બીજા આત્માનંદ મુનિ આ આત્માનંદ મુનિ ભૂત, ભવિષ્યની વાત જાણતા. અંતરના સંકલ્પ પણ જાણતા. પોતાની ઈચ્છાએ સવાસો વર્ષ દેહ રાખ્યો.

હવે ઉદ્ધવજીનો અવતાર એવા રામાનંદ સ્વામીનો જન્મ ૧૭૯૫ માં શ્રાવણ વદિ આઠમના દિવસે અયોધ્યામાં થયેલો. જેમના પિતા અજય નામે વિપ્ર કાશ્યપ ગોત્રી ઋગવેદી અશ્વલાપન શાખાના અધ્યેતા સરવરિયા વિપ્ર હતા. પિતાએ દેહ મૂક્યાં પછી માતાની રજા લઈને તીર્થ કરતા કરતા ઉપર કહેલ બીજા આત્માનંદ સ્વામીનો યોગ થયો. ગુરુ કર્યા. ગુરુએ યોગ સાધના કરાવી સમાધિમાં બ્રહ્મ તેજનું દર્શન થયું. પરંતુ એ તેજમાં પરમાત્માનું દર્શન ગુરુ ન કરાવી શક્યા. નિરાકાર તેજ એ જ કૃષ્ણ છે એમ કહી ગુરુએ પરમાત્માના દિવ્ય આકારનું ખંડન કર્યુ. તેથી તે ગુરુનો ત્યાગ કરી રામાનંદ સ્વામી સાકાર ઉપાસક ગુરુની શોધમાં ફરતા ફરતા દક્ષિણ ભારતમાં શ્રીરંગ નામના તીર્થમાં આવ્યા. ત્યાં ત્રણ માસની સાધના બાદ ચૈત્ર શુક્લ પાંચમની વહેલી પ્રભાતે સ્વપ્નમાં રામાનુજાચાર્યનું દર્શન રામાનંદ સ્વામીને થયું. પૂર્વના ઉધ્ધવ જાણી રામાનુજાચાર્યે રામાનંદ સ્વામીને વૈષ્ણવી દીક્ષા આપી. સત્સંગની શુધ્ધ રીત દેખાડી કહ્યું કે તમારા શિષ્યો તમારા વચનથી ભવસાગર તરશે. પાત્ર જોઈને શ્રીકૃષ્ણ ભગવાનનો મંત્ર દેજો. તમને શ્રી કૃષ્ણ ભગવાનના દર્શન થશે. પછી વૃન્દાવનમાં પ્રસન્ન થયેલા શ્રીકૃષ્ણ ભગવાને રામાનંદ સ્વામીને સમાધિમાં તેજપુંજ મધ્યે રાધિકા સહિત

પોતાનું દર્શન આપ્યું. પછી ભગવાનની આજ્ઞાથી સત્શાસ્ત્રોમાં પ્રમાણરૂપ પોતાના નામથી પ્રસિધ્ધ ઉધ્ધવ સંપ્રદાયની સ્થાપના કરી. મુમુક્ષુઓને દીક્ષા આપવા લાગ્યા. આશ્રિતોને ધર્મ સહિત ભક્તિ કરવાનો ઉપદેશ કરવા લાગ્યા. પછી **પ્રયાગમાં ધર્મ ભક્તિને પણ શરણ દીક્ષા આપીને ઉપદેશ આપ્યો. અને ધર્મદેવને મુમુક્ષુજનોને મંત્રોપદેશ કરી કૃષ્ણ ભક્તિનો પ્રચાર કરવાની આજ્ઞા કરી. ધર્મદેવ પોતાના પત્નિ ભક્તિદેવી દ્વારા સ્ત્રીઓમાં મંત્ર ઉપદેશ અપાવતા. ત્યાગી સંતો અને ગૃહસ્થ ભક્તો તમામ રામાનંદ સ્વામીને ગુરુ માનતા.**

દુર્વાસાના શાપને સત્ય કરવા, એકાંતિક ધર્મનું સ્થાપન કરવા, શરણે આવેલા જીવોનું આત્યંતિક કલ્યાણ કરવા ધર્મ ભક્તિને ઘેર છપૈયામાં વિક્રમ સંવત ૧૮૩૭ ચૈત્ર સુદ ૯ ના દિવસે અક્ષરાધિપતિ પુરુષોત્તમ નારાયણ સર્વાવતારી સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રકટ થયા. તે ભગવાન ૧૧ વર્ષની ઉંમરે ગૃહત્યાગ કરી, ૭ વર્ષ વન વિચરણ કરી લોજ પધાર્યા. પીપલાણામાં રામાનંદ સ્વામીનું મિલન થયું. વિ.સં.૧૮૫૭ ના કાર્તિક સુદ-૧૧ ના દિવસે નિલકંઠવર્ણીને વિધિ પૂર્વક મહાદીક્ષા આપી જમણાં કાનમાં અષ્ટાક્ષર મંત્રનો ઉપદેશ આપ્યો. પછી જેતપુરમાં મોટો ઉત્સવ કરી રામાનંદ સ્વામીએ નારાયણમુનિને પોતાની ગાદી પર બેસાડી સૌને તેમની આજ્ઞામાં રહેવા અનુરોધ કર્યો. ઉધ્ધવ સંપ્રદાય સ્વામિનારાયણ સંપ્રદાય તરીકે પ્રસિધ્ધિ પામ્યો. છપૈયામાં જ્યારે ઘનશ્યામ મહારાજ બાળલીલા કરતા ત્યારે એક સમયે નારદમુનિ ત્યાં આવીને ઘનશ્યામ મહારાજના સખાઓની મધ્યે વેણુ નામનું વાજીંત્ર વગાડતા અને ભગવાનના ગુણનું વર્ણન કરતા **ઘનશ્યામ મહારાજના પ્રાકટ્યથી આરંભીને અંતર્ધ્યાન પર્યંતની સમગ્ર લીલાઓનું વર્ણન અગાઉથી જ કરતા કહેતા હતા કે હે પ્રભુ ! તમો અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી એ બે તમારા ભત્રીજાને દત્તકપુત્ર કરીને આચાર્ય પદ આપશો.**

નારદમુનિના આ વચનને સત્ય કરવા સત્સંગની સ્થાપના કર્યા બાદ સ્વામિનારાયણ ભગવાને વડતાલ ગામની જાહેર સભામાં કલકત્તાથી દ્વારકા લીટી કલ્પી વહીવટી સરળતા માટે સત્સંગનું ઉત્તર અને દક્ષિણ એમ બે દેશમાં વિભાજન કરી ઉત્તર અમદાવાદ અને દક્ષિણ વડતાલ એમ બે ગાદીનું સ્થાપન કર્યું. પોતાના મોટાભાઈ રામપ્રતાપભાઈના પુત્ર અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા નાના ભાઈ ઈચ્છારામભાઈના પુત્ર રઘુવીરજી મહારાજને વેદોક્ત વિધિ અનુસાર દત્તપુત્ર તરીકે સ્વીકારીને અયોધ્યાપ્રસાદજી મહારાજને અમદાવાદ ગાદીના આચાર્ય તથા રઘુવીરજી મહારાજને વડતાલ ગાદીના આચાર્ય તરીકે સમગ્ર ત્યાગી ગૃહીના ગુરુ તરીકે પોતાની જગ્યાએ બેસાડી સ્વયં શ્રીહરિએ આરતી ઉતારી. પોત પોતાના વિભાગના આચાર્યશ્રીને ગુરુ તરીકે પૂજવા તથા તેઓશ્રીની પાસેથી ગુરુમંત્ર લેવા આજ્ઞા કરી. તેમના પત્નિ સ્ત્રીઓને ગુરુમંત્રનો ઉપદેશ કરે એવી અલૌકિક રીત પ્રગટાવી. તેઓની આજ્ઞામાં રહેવા સર્વેને ભલામણ કરી. ધર્મવંશી આચાર્યમાં રહી પોતે જ આશ્રિતજનોની સેવા પૂજા અંગીકાર કરશે અને ધર્મવંશી આચાર્યશ્રી દ્વારા આ રીતે લાંબા કાળ સુધી અસંખ્ય જીવાત્માનું કલ્યાણ થશે એવું કહ્યું. આચાર્ય પરંપરાના નિયમો તથા આચાર્યશ્રીએ પાળવાના નિયમો કહ્યા.

અમદાવાદ શ્રીનરનારાયણદેવ પીઠસ્થાનની ધર્મવંશી આચાર્ય પરંપરામાં સાતમાં વિદ્યમાન આચાર્ય તરીકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ઉત્તર વિભાગની સત્સંગની ધર્મધુરા સંભાળી રહ્યાં છે. તેવી જ રીતે વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવ પીઠસ્થાનની ધર્મવંશી આચાર્ય પરંપરામાં નવમાં વિદ્યમાન આચાર્ય તરીકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી દક્ષિણ વિભાગના ગુરુ પદે સત્સંગની ધર્મધુરા સંભાળી રહ્યા છે.

શ્રીજી મહારાજે આચાર્ય પદ સ્થાપન કર્યું છે. ગાદી પર ધર્મ ભક્તિનો વંશ હોય એ નિયમ બનાવ્યો છે. બંને ગાદી શ્રીજી મહારાજે સ્થાપન

કરેલી હોવાથી તે બંને ગાદી પર ધર્મકુળમાંથી ક્યારે, કોને, કેટલા સમય માટે આચાર્યપદ આપી તેઓશ્રીની પાસેથી સમયાનુસાર કેવી સેવા લેવી ? એ સમગ્ર બાબત સ્વયં શ્રીજી મહારાજ નક્કી કરતાં હોય છે. અનંત કોટિ બ્રહ્માંડોનો વહીવટ કરનાર સ્વામિનારાયણ ભગવાન પોતે સ્થાપન કરેલી બંને સત્સંગની ગાદીનો તો વહીવટ કરે જ ને !!! માટે જ્યારે જે સમયે જે ધર્મવંશી વિપ્ર ગાદી પર બિરાજમાન હોય, તેઓશ્રીની પાસેથી જે તે દેશના આશ્રિતે ગુરુમંત્ર લેવો, ગુરુ તરીકે માનવા, ગુરુ પૂજન કરવું. ગુરુ પૂર્ણિમાના દિવસે પણ પોતપોતાના આચાર્યશ્રીનું પૂજન કરવું. **સંપ્રદાયમાં માત્ર બે જ ધર્મ ગુરુ છે.** ત્રીજા, ચોથા, પાંચમાં .....એમ આગળ જેટલા ને પણ ધર્મ ગુરુ થવું હોય તે બધાં પોતે પોતાની મેળે ધર્મ ગુરુ થાય છે. શ્રીજી મહારાજે ધારણ કરાવેલી લાલ પાઘ તો ફક્ત કાળુપુર મંદિરના સભામંડપમાં પ્રસાદીની પાટ પર બિરાજમાન શ્રીનરનારાયણદેવ પીઠાધિપતિ તથા વડતાલ મંદિરના સભામંડપમાં સનાતન આચાર્ય શ્રીની પાટ પર બિરાજમાન શ્રી લક્ષ્મીનારાયણદેવ પીઠાધિપતિના શિરે જ શોભે !!!

સાચા સંતો પણ તે જ છે જેઓ પોતાની પાસે આવનાર હરિભક્તને ગાદી પર બિરાજમાન આચાર્યશ્રીની ગુરુ તરીકે ઓળખાણ કરાવે. વડતાલ દેશમાંથી સ્થળાંતર કરીને કોઈ સત્સંગી અમદાવાદ દેશમાં સ્થાયી થાય તો ગુરુમંત્ર લેવાની ફરીવાર જરુર નથી. પરંતુ ગુરુભાવ અમદાવાદ દેશના આચાર્યશ્રીમાં રાખવાનો હોય છે. તેવી જ રીતે તેથી ઉલ્ટુ પણ એ જ રીતે સમજવુ. તેવી જ રીતે અગાઉના આચાર્યશ્રી પાસેથી ગુરુ મંત્ર લીધો હોય તો પણ ગુરુભાવ વિદ્યમાન ગાદી પર બિરાજમાન આચાર્યશ્રીમાં રાખીએ એ જ શાસ્ત્રોક્ત સાચી સમજણ છે. જે કોઈ ભક્તજન એમ કહેતા હોય કે મારા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન છે. તેમણે જો સ્વામિનારાયણ ભગવાન દ્વારા પોતાનું કલ્યાણ ઈચ્છવું હોય તો સંપ્રદાયના અનેક શાસ્ત્રોના આધારે લખેલ ઉપરોક્ત વાત માન્યા સિવાય છુટકો જ નથી. અને જો ન માને તો સંપ્રદાયની એકસૂત્રતા બંધારણ તોડીને તેવા ભક્તજનો ઈષ્ટદેવનો નિશ્ચે દ્રોહ કરી રહ્યા છે. માટે શ્રીહરિનો દ્રોહ ન થઈ જાય પરંતુ શ્રીહરિ રાજી થાય એવો સૂક્ષ્મ બુધ્ધિથી વિચાર કરી ગુરુપરંપરા સમજીને એ પ્રમાણે અનુસરવું એમાં જ જીવનું કલ્યાણ છે. **સ્વામિનારાયણ સંપ્રદાયમાં ગુરુ શોધવાના હોતા નથી. ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને જ પોતાના આશ્રિતજન માટે ધર્મવંશી આચાર્ય પરંપરા સ્થાપીને સર્વેના ગુરુ શોધી આપ્યા છે.**

"પણ છેલ્લો છે આ જે ઉપાય રે,
બહુ જીવ તરશે આ માંય રે,
ધર્મવંશી આચાર જ ધાર્યા રે,
ગુરૂ કરી ગાદીએ બેસાર્યા રે,
ધર્મકુળને જે અનસરે,
ત્યાગી ગૃહી નર કોઈ નાર,
પરિશ્રમ વિના તે પામશે,
અપાર ભવનો પાર."

- ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન (પુરુષોત્તમપ્રકાશ, નિષ્કુળાનંદ કાવ્ય)

નિવૃત્તિ માં પ્રવૃત્તિ

સમગ્ર સત્સંગ જાણે છે કે આપણા નિવૃત પ.પૂ. **આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** એ પોતાના નિવૃત્તિકાળ દરમ્યાનનો સંપૂર્ણ સમય પોતાના શુભ મંગળ સંકલ્પ સમા આપણા સંપ્રદાયના અદ્વિતિય આયોજન **'શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમ'** (નૂતન નિર્માણાધિન)ના નિર્માણ અને સંચાલનમાંજ વ્યસ્ત રહેશે. આ આયોજન ઝડપથી આગળ વધી રહ્યું છે.

જેથી હવે પ.પૂ. મોટા મહારાજશ્રી શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના સ્થળ પરની પોતાની ઓફિસમાં બિરાજશે. સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ દરમ્યાન ત્યાં દર્શન કરવા આવી શકાશે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ
ટર્ફ સ્કુલની સામે, એ.ઈ.સી. નારાયણપુરા પાછળ,
નારાયણપુરા અમદાવાદ-૧૩.
ફોન : ૨૭૪૧૯૫૯૭ ● ટેલી-ફેક્સ : ૨૭૪૯૯૫૯૭.

અતિ ભવ્યતા અને દિવ્યતા સાથે ઉજવાયેલ પ.પૂ. લાલજીમહારાજશ્રીનો ઉપનયન સંસ્કાર

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી - બાપુનગર)

ધર્મકુળની પરંપરામાં હિન્દુ શાસ્ત્રોમાં દર્શાવેલ તમામ શુભ સંસ્કારો વેદોક્ત વિધિ અનુસાર ઉજવવામાં આવે છે. તેમાં પણ ધર્મવંશી આચાર્ય પરંપરામાં સત્સંગ સમાજમાં કુટુંબ ભાવના દ્રઢ થઈ હોવાથી આવા શુભ સંસ્કારો સત્સંગ સમાજને આમંત્રણ આપીને સત્સંગ સમાજ વચ્ચે જ ઉજવાતા આવ્યા છે. તા. ૧૧-૫-૦૫ ને અખાત્રીજના અતિ શુભ પર્વના દિવસે આપણા કાળુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના પ્રાંગણમાંજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. નિવૃત આચાર્ય મહારાજશ્રીના શુભ સાંનિધ્યમાં પ.પૂ. લાલજી મહારાજ ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ઉપનયન સંસ્કાર સંપૂર્ણ વેદોક્ત વિધિ અનુસાર સંપન્ન થયો.

આ પ્રસંગ અંતર્ગત તા. ૧૦-૫-૦૫ ના રોજ સવારના ૮ કલાકે ગણેશ સ્થાપન, કળશ પૂજન, માતૃકા સ્થાપન, નાંદિશ્રાધ્ધ, ગ્રહ સ્થાપન, પ્રધાનદેવતા સ્થાપન, ઈષ્ટદેવ-કુળદેવ પૂજન અને હરિદ્રાલેપન તેમજ તા. ૧૧-૫-૦૫ ના રોજ સવારના ૮ થી ૧૧ ઉપનયન સંસ્કાર ની વેદોક્ત વિધિ તથા સમાવર્તન સંપન્ન થયું. મંદિરના પ્રાંગણમાં સુંદર મંડપ બાંધવામાં આવ્યો હતો. ઉપનયન સંસ્કાર વિધિનું ઉપસ્થિત સમગ્ર સત્સંગ સમાજને દર્શન થાય તે હેતુથી પ્રાંગણમાં જ સ્ટેજ બનાવવામાં આવ્યું હતું. સ્ટેજ પર જ યજ્ઞકુંડમાં અગ્નિદેવનું સ્થાપન કર્યું હતું. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પલાશનો દંડ, મુંજની મેખલા, કૌપિન આદિક બટુક બ્રહ્મચારીનો વેશ ધારણ કર્યો. અને ડાબા ખભા પર યજ્ઞો પવિત ધારણ કરી એ **સમયે પ્રત્યક્ષ ઘનશ્યામ મહારાજ હોય ને શું ! એવું દિવ્ય દર્શન થતું હતું.** પ.પૂ. લાલજી મહારાજશ્રી જ્યારે પોતાના માતૃશ્રી પાસે ભિક્ષા ગ્રહણ કરવા ચાલ્યા ત્યારે તેઓશ્રીની ચાલ અને ગોળ ગંભીર નાભિનું એવું દર્શન થતું હતું :-

"તારી મૂર્તિ લાગે છે મને પ્યારી રે,
શ્રી ઘનશ્યામ હરિ,
રૂડી ચાલ જગતથી ન્યારી રે,
શ્રી ઘનશ્યામ હરિ,
તારી નાભિ છે ગોળ ગંભીર રે,
શ્રી ઘનશ્યામ હરિ"

મંજુકેશાનંદ સ્વામી વિરચિત એ કીર્તનની સતત યાદ આવતી હતી. દર્શકોમાં આનંદની એટલી હેલી ચડેલી કે બહેનોએ એ સમયે સ્વયંભૂ કીર્તન ઉપાડ્યું :-

"આજ સખી આનંદની હેલી,
હરિ મુખ જોઈને હું થઈ છું રે ઘેલી...
જે સુખને ભવ બ્રહ્મા રે ઈચ્છે, તેરે
શામળિયો મુજ ને રે પ્રિછે."

સાતમી ભિક્ષામાં પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીએ શ્રીહરિ લિખિત શિક્ષાપત્રીનું દાન કર્યું ત્યારે પ.પૂ. લાલજીમહારાજશ્રીને પણ મનગમતી ભિક્ષા મળવાથી અત્યંત રાજી થઈ ગયા હતા. પછી ગુરુ ની આજ્ઞાથી કાશી ભણવા જવા બટુનો વેશ કરીને બડવો લઈને સર્વેને દેખતા દોડીને નાસી જતા હતા. ત્યારે તેઓના મામા શ્રી પણ ભાણેજ ને પકડવા માટે દોડીને પાછળ જતા હતા. તેથી સત્સંગ સમાજને પોતાના દર્શનનું દિવ્ય સુખ આપવા માટે મામાના હાથે પકડાઈ જતા હતા. શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદના પ્રધાન પંડિત ડો. વાચસ્પતિ મિશ્રા સમગ્ર વિધિમાં મુખ્ય હતા.

ઉપવિત સંસ્કાર બાદ પ્રસાદીના સભામંડપમાં દિવ્ય સભા થઈ હતી. મહારાજના ત્રણે અપર સ્વરૂપોની સાંનિધ્યમાં દેશોદેશના સંત-હરિભક્તો ઉપરાંત પ.પૂ. મહારાજશ્રીના આમંત્રિત સર્વે સગા સ્નેહીઓ તેમજ વડતાલ પીઠાધિપતિ પ.પૂ.

(અનુસંધાન પાના નં. ૧૩ પર)

સર્વોપરિ નરનારાયણ દેવમાં અપ્રતિમસ્નેહ અને શ્રદ્ધા ધરાવતા આપણા પૂજ્ય મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી

- પ્રો. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ)

ભાગ્યેજ કોઈ એવી સભા હશે કે જેમાં મહારાજશ્રીએ શ્રી નરનારાયણ દેવની પ્રત્યક્ષતાની વાત ન ઉચ્ચારી હોય. અમદાવાદ તથા ભુજમાં સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વયં બાથમાં ભીડીને શ્રી નરનારાયણ દેવને પધરાવ્યા છે. અને દેવ આપણા સૌના સંકલ્પો આજે પણ સિધ્ધ કરી રહ્યા છે.

વૈશાખ-સુદ-૫ ના દિને શ્રી નરનારાયણ દેવનો ભુજ મંદિરમાં પ્રતિવર્ષ પાટોત્સવ ધામધુમથી ઉજવાય છે. આજથી થોડા વર્ષ પર પાટોત્સવ પ્રસંગે આચાર્ય મહારાજશ્રી સંતો પાર્ષદો સાથે અમદાવાદ થી ભુજ પધારી રહ્યા હતા. પ્રાતઃકાળે અમદાવાદથી નિકળેલા. વૈશાખના ઉના ઉના વાયરા વાયી રહ્યા હતા. આથી કાળજાળ ગરમીમાં વારંવાર પાણી પીવાની તરસ લાગે, કંઠ સૂકાય એ સ્વાભાવિક છે. રસ્તામાં સંતોએ મહારાજશ્રીને જળ પાન કરવા વિનવ્યું. મહારાજશ્રી કહે, "અમે ભુજ પહોંચી નરનારાયણદેવના દર્શન કર્યા બાદ જ જળ પાન કરીશું."

પ્રાઈવેટ કારમાં અમદાવાદથી નોન સ્ટોપ ભુજ સુધી પહોંચતા સહેજે સાત કલાક જેટલો સમય વીતી જવા પામે. કારણ કે ક્યાંક રસ્તાઓના કામ ચાલતાં હોય તો ક્યાંક ટ્રાફિક જામ થયેલો હોય. આવા ધોમ ધખતા તાપમાં આટલા કલાક મહારાજશ્રી જળ વિના કેમ ચલાવશે ? આ પ્રશ્ન તેમની સાથે મુસાફરી કરતા સંતવર્યો અને પાર્ષદોને પણ થયો. કારણ કે ત્રણેક કલાકની મુસાફરી દરમ્યાન આ સૌએ બે, ત્રણ વખત પાણી પીધેલું. થોડા સમય બાદ ભચાઉ શહેર આવ્યું. ભચાઉથી ભુજ આવતાં દોઢ બે કલાક પસાર થઈ જાય. સંતવર્યોની ચિંતા વધતી ચાલી. થોડા ખચકાતા સ્વરે તેમણે મહારાજશ્રીને જળ પાન કરવા વિનંતી કરી. પરંતુ મહારાજશ્રી પોતાના સંકલ્પમાં અડગ રહ્યા. સંતો પાર્ષદો તો વિચારતા જ રહી ગયા. મહારાજશ્રીની શ્રી નરનારાયણ દેવ પ્રત્યેની શ્રધ્ધા, સ્નેહ અને અપ્રતિમ નિષ્ઠાના તેઓ સૌને દર્શન થયા. આખરે ભુજ આવી પહોંચ્યા. મહારાજશ્રીના આગમનની સત્સંગીઓ, સંતો, હરિભક્તો ચાતક નજરે રાહ જોઈ રહ્યા હતા. સૌ મહારાજશ્રીનું સામૈયું કરવા ભુજના મહાદેવ ગેઈટની બહાર તે સમયે શ્રી સ્વામિનારાયણ વિદ્યા મંદિર તથા વિદ્યાર્થી ભુવનના વિશાળ પટાંગણમાં એકત્ર થયેલા. પ્રવેશ દ્વારે આચાર્ય મહારાજશ્રીની કાર પ્રવેશી કે તરત જ "સહજાનંદ સ્વામી મહારાજની જય" ના ગગનભેદી જય ઘોષથી વાતાવરણ ભક્તિભાવથી ધમધમી ગયું ને હાજર રહેલ સૌ કોઈને ભીંજવી ગયું.

તરત જ આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજને શોભાયાત્રા માટે સંતોએ વિનંતિ કરી તે પહેલાં ભુજ મંદિરના મહંત સ્વામીશ્રી પૂ.સ.ગુ. હરિસ્વરૂપદાસજી એ પુષ્પનો હાર મહારાજશ્રીને પહેરાવી તેઓશ્રીનું ભાવભીનું સ્વાગત કર્યું. મહારાજશ્રીને નાળિયેરનું પાણી આરોગવા વિનવ્યા. મહારાજશ્રીએ પુનઃ જણાવ્યું કે, "અમે શ્રી નરનારાયણ દેવના દર્શન કર્યા બાદ જ જળ આરોગીશું." શોભાયાત્રામા દોઢ બે કલાકનો સમય પસાર થઈ ગયો. કારણ કે વચ્ચે આવતા શ્રીજી મહારાજના પ્રસાદીના મંદિરો શ્રી કલ્યાણેશ્વર મંદિર, શ્રી દ્વારિકાધિશજી, શ્રી હાટકેશ્વરજી અને શ્રી રઘુનાથજી મંદિરમાં શણગારાવેલા ટ્રેકટર પરથી ચાર વખત તો દર્શનાર્થે ઉતરવું પડે.

આખરે મંદિરે પધાર્યા. અને મહારાજશ્રીએ શ્રી નરનારાયણદેવ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજ તથા પંચદેવના દર્શન કર્યા. સભામંડપમાં પધારી તમામ સંતવર્યોના ક્ષેમકુશળ પૂછ્યા. એકાદ

કલાક સભા ચાલી. પૂજન અર્ચન બાદ મહારાજશ્રી સાથે પધારેલા સંતવર્યે વક્તવ્ય આપતાં જ્યારે જણાવ્યું કે, " મહારાજશ્રી અમદાવાદથી નિકળ્યા બાદ લગભગ દસ કલાક થી વધુ સમય થયો. હજી સુધી જળ આરોગ્યું નથી. તેઓશ્રીનો સંકલ્પ શ્રી નરનારાયણ દેવના દર્શન કરીને જ જળ આરોગવાનો હતો. દર્શન કર્યા છતાં જળ વિના આપણી સન્મુખ આ તપોમૂર્તિ વિરાજમાન છે. " ત્યારે તાળીઓના ગગનભેદી અવાજથી સભામંડપ ગાજી ઊઠ્યો. મનોમન આવા તપોમૂર્તિ મહારાજશ્રીને સૌ વંદી રહ્યા.

પૂર્વ આચાર્ય મહારાજશ્રી પૂજ્ય તેજેન્દ્રપ્રસાદજી જેવા મહાન તપોમૂર્તિના સાંનિધ્યમાં થોડીક ક્ષણો પણ વ્યતીત થવા પામે તો આપણું આ મનુષ્ય જીવન ધન્ય બની જાય. કોઈ પણ આગંતુકને તેઓશ્રીના મહામુલા નિર્મળ અને તેજોમય વ્યક્તિત્વમાં શ્રીહરિના દિવ્ય દર્શન થવા પામે અને હૃદયમાં શાંતિનો અદ્‌ભૂત અનુભવ પણ થાય. જે કોઈ જીવોને મહારાજશ્રીનું સામીપ્ય-સાંનિધ્ય સાંપડે એ મહા ભાગ્યશાળી કહી શકાય. કોઈ પણ ધર્મની વ્યકિત મહારાજશ્રીના દર્શનાર્થે આવે ત્યારે મહારાજશ્રીના પ્રભાવશાળી વ્યક્તિત્વમાં અંજાયા વિના ન રહે.

કચ્છમાં સમૈયા પ્રસંગે જ્યારે પધારે ત્યારે શોભા યાત્રા દરમ્યાન તથા સભામાં તેઓશ્રીના દર્શન કરી કૃતાર્થ થઈએ. એક સમયે અંજાર મધ્યે સમૈયો હતો. સત્સંગિજીવનની પારાયણ હતી. મહારાજશ્રી પધારેલા. અમદાવાદથી પ્રાતઃકાળે નિકળેલા. મધ્યાહને અંજાર પધાર્યા. તેઓશ્રીની શોભાયાત્રા લગભગ બે કલાક ચાલેલી.સાંજે કથામાં બિરાજેલા. ત્યાર બાદ ભુજમાં જાદવજી નગર મધ્યે નૂતન મંદિરમાં હીંડોળા ઉત્સવ અર્થે દર્શનાર્થે પધાર્યા. ઘડીભરના વિશ્રામ વિના કેટલા શ્રમિત હશે એતો આપણે કલ્પવું રહ્યું ! હિંડોળાના દર્શન કરીને ગાડીમાં બિરાજ્યા કે તરત જ પાંચ સાત સત્સંગી હરિભક્તોએ પોતાની સાથે એક ફોટો પડાવવા વિનંતી કરી. ઘડીભરના વિલંબ વિના સ્વયં કારનો દરવાજો ખોલી હસતાં હસતાં કહેવા લાગ્યા ચાલો, ક્યાં છે કેમેરામેન ? ભક્તો તો ખૂબ જ ખુશ થઈ ગયા. અને એકને બદલે ત્રણ ફોટા પડાવ્યા. આટલા બધા ભરચક કાર્યક્રમો વચ્ચે ક્ષણભરની વિશ્રાંતિ વિના માત્ર સતસંગીજનો હરિભક્તોને રાજી કરવા મહારાજશ્રી આવા તો અનેક દાખડા કરતા રહ્યા છે. અને તેઓશ્રીનો આટલો બધો વ્યાપક પરિશ્રમ માનવતાના કાર્યો કરવાની આપણને સૌને શીખ આપે છે.

કચ્છ અને કચ્છના લોકો પ્રત્યે તેઓશ્રીને કુણી લાગણી છે એક વખત વાતચીત દરમ્યાન મહારાજશ્રી કહે, "કચ્છમાં દર પાંચ વર્ષમાંથી માત્ર બે વર્ષ ચોમાસું સારૂં જાય છે. બાકીના સમયે સૂકો દુષ્કાળ પડે છે. ભૂકંપ, વાવાઝોડું કે તીડ જેવી કુદરતી આપત્તિઓ પણ કચ્છના લોકો અવારનવાર સહન કરતા જ હોય છે. તેથી કચ્છમાં પાણીના સંગ્રહની ખૂબ આવશ્યકતા છે. શ્રીજી મહારાજે પણ સ્વયં કૂવા, તળાવોના નિર્માણ કરાવેલા. કચ્છમાં વધુ નાના મોટા ડેમો, ચેક ડેમો અને વિશેષમાં નવા કૂવા તળાવોના નિર્માણ માટે સરકારની સાથો સાથ જ પ્રજાએ પણ યત્કિંચીત ફાળો આપી, પાણી સંગ્રહ માટેના ઉમદા કાર્યો કરવા જોઈએ. જેથી માનવજીવન તથા પશુજીવન આબાદ બને."

ઈ.સ. ૧૯૭૩ થી ઈ.સ. ૧૯૭૫ લાગ લગાટ ત્રણ વર્ષ કચ્છમાં સુકો દુષ્કાળ પડ્યો. લોકો પશુધનને બજાવવા હિજરત કરવા લાગ્યા. કારણ ઘાસનું એક તણખલું ઉપલબ્ધ નહોતું. ઈ.સ. ૧૯૮૫-૮૬ માં પણ આવો જ કારમો દુષ્કાળ પડ્યો ત્યારે પ્રથમ દુષ્કાળ સમયે ભૂજ મંદિરના પૂ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજીએ શ્રી સ્વામિનારાયણ સત્સંગ દુષ્કાળ રાહત ફંડ અને બાદમાં "શ્રી સ્વામિનારાયણ સત્સંગ સેવા સંચય" સંસ્થા શરૂ કરીને કચ્છના ગામડે ગામડે રાહતો પહોંચાડી. દુષ્કાળનો સમય સત્વરે પસાર થઈ જાય, ભવિષ્યમાં ભગવાનની કૃપા આ પ્રદેશ પર વરસતી રહે એવા શુભ હેતુથી પૂજ્ય મહંત સ્વામીએ ૧૯૮૫-૮૬ માં સમૂહ ભાગવત પારાયણનું આયોજન કરેલું.

(અનુસંધાન પાના નં.૧૩ પર)

સત્સંગ સુરભિ : પ્રભાવ ઓળખ્યો ને બન્યા પ્રભવાનંદ

- અતુલભાઈ ભાનુપ્રસાદ પોથીવાલા

દીવ બંદરમાં એક વાણીયા શેઠ રહે. દેશ પરદેશમાં એમનાં વહાણો ફરે અને ધીકતો ધંધો ચાલે.

એક દિવસ દરિયો ખેડીને વહાણ આવવાં જોઈએ તે આવ્યાં નહિં. મુદત ઉપર મહિનો વિત્યો, અરે બાર મહિના પણ વીતી ગયાં - તોય વહાણ પાછાં ન આવ્યાં.

શેઠે તો બાધા રાખી કે "જો મારાં વહાણ પાછાં આવશે તો વહાણની અડધી રકમ હું સાધુ-સંતોની સેવા માટે વાપરીશ."

અને એમની બાધી ફળી. એમનાં વહાણ સલામત પાછાં આવ્યાં અને શેઠને ખૂબ નફો પણ મળ્યો.

શેઠે નફામાંથી અડધી રકમ પોતે રાખી અને અડધી રકમ લઈને સાધુ સંતો માટે વાપરવા અર્થે દ્વારકા જવા નીકળ્યા.

ત્યાં રસ્તામાં એમણે સાંભળ્યું કે લોજપુરમાં રામાનંદ સ્વામી છે, તે મોટા પુરુષ છે "આટલે આવ્યો છું તો લાવને સ્વામીનાં દર્શન કરતો જાઉં." શેઠ તો લોજપુર આવ્યાં.

રામાનંદ સ્વામીને પગે લાગીને શેઠ સામે બેઠા.

સ્વામી બોલ્યા : "શેઠ, વહાણ બધાં સલામત આવી ગયાં ને ? બાધા ફળીને ?" શેઠ તો નવાઈ પામી ગયાં. "અરે, આમણે તો મારા મનની વાત કહી દીધી !" પછી તો સ્વામીએ એમનાં મનની બધી વાત કહેવા માંડી. નફાની અડધી રકમ સાધુ સંતો માટે વાપરવાને અર્થે તમે દ્વારકા જવા નીકળ્યા છો એ પણ કહ્યું.

શેઠના મન ઉપર આની ભારે અસર થઈ. શેઠે મનમાં વિચાર્યું, "આવા મહાપુરુષ જ્યાં વસે એ જ મારે મન દ્વારકા. હવે દ્વારકા શા માટે જવું ? અઠે દ્વારકા અને અઠે સંતો."

પછી તો શેઠ ત્યાં જ રોકાઈ ગયાં. ને બધી રકમ ત્યાં જ સાધુ સંતો માટે સેવામાં આપી દીધી.

તે દિવસથી તેઓ રામાનંદ સ્વામીના શિષ્ય બની ગયાં.

એમ કેટલાંક વરસો વહી ગયાં. પછી ખબર આવ્યા કે રામાનંદ સ્વામીએ દેહત્યાગ કર્યો છે અને એમની જગ્યાએ જે ગુરુ થયા છે એમનો પ્રતાપ તો રામાનંદ સ્વામી કરતાંય ચડી જાય એવો છે.

આવું જાણ્યું એટલે નવા ગુરુનાં દર્શન કરવા તેઓ પાછા લોજપુર આવ્યા. શેઠે વિચાર્યું, "રામાનંદ સ્વામીએ તો મારા મનની વાત કહી આપી હતી તે આ નવા ગુરુ પણ જો મારા મનની વાત કહી આપો તો જ હું સાચું માનું."

શેઠ શ્રીજી મહારાજને દંડવત પ્રણામ કરીને સામે બેઠા. શ્રીહરિની સાથે ઘણાં સંતો હરિભક્તો બેઠા હતા. એમાં એક પાંચ વરસનો બાળક પણ હતો.

શ્રીજી મહારાજ તો અંતર્યામી. શેઠના મનની વાત અછાની રહે ? એમણે પેલા બાળકને પાસે બોલાવ્યો અને કહ્યું, "બોલ તો ગોપાલ, આ શેઠ આવ્યાં છે, તો એમનાં મનમાં શું છે તે કહે."

છોકરો કહે, "કોણ ? આ દીવાવાળા શેઠ ?"

આ સાંભળી શેઠ તો ચોંકી ઉઠ્યાં ! ને કાન સરવા કરીને સાંભળી રહ્યાં. બાળકે તો બોલવા માંડ્યુ, "શેઠ વિચાર કરે છે કે રામાનંદ સ્વામીએ તો મારા મનની વાત કહી આપી હતી, તેમ મહારાજ કહી શકશે કે નહીં ? તે જોવું, પણ રામાનંદ સ્વામીએ એમના મનની વાત અધુરી કહી હતી તે બાકીની હું અત્યારે કહું છું તે સાંભળો : વહાણો દરિયામાંથી બચીને સલામત ઘેર આવે તો એની અડધી રકમ સાધુ સંતો પાછળ ખરચવાની શેઠે બાધા રાખી હતી. વહાણો બધાં પાછા આવ્યાં પણે શેઠે માલની અડધી રકમને બદલે તે માલના નફાની અડધી રકમ સાધુ સંતો પાછળ વાપરી હતી. ને ગુરુને તથા સાધુ સંતોને છેતર્યા હતા. આમ શેઠ મનમાં એમ સમજે છે કે હું બહું હોશિંયાર છું અને એ હોશિંયારીમાં તેઓ મહારાજની પરીક્ષા કરવા અહીં આવ્યા છે."

આટલું બોલી છોકરો તો ચૂપ થઈ ગયો. શેઠ તો કાપો તોય લોહીના નીકળે એવી દશામાં આવી ગયા !

તેઓ એકદમ ઊભાં થઈને મહારાજના પગમાં પડી બોલ્યાં, "મારો અપરાધ માફ કરો મહારાજ! મેં ગુરુને ને સંતોને છેતર્યા છે. હું આપની પરીક્ષા કરવા આવ્યો હતો પણ અહીં તો મારી જ પરીક્ષા થઈ ગઈને હું નાપાસ સાબિત થયો. રામાનંદ સ્વામી તો બીજાના મનની વાત કહેતા હતા પણ તમે તો એવા શક્તિશાળી છો કે પાંચ વરસના અબુધ બાળક પાસેથી બીજાના મનની વાત બોલાવો છો. ધન્ય છે પ્રભુ તમને. મારા ઉપર દયા કરો. તમેજ સાચા ખેલ કરનારા છો. આજે જ હું મારી તમામ મિલકત સાધુ સંતોની સેવાને અર્થે આપને સમર્પિત કરું છું. જેનો આપ સ્વીકાર કરો અને મને અપરાધમાંથી મુક્ત કરો.

દયાળુ શ્રીહરિ મલકાયા. બોલ્યા, "શેઠ ઊભા થાવ, તમે તો અમારા જ છો. તમારા સર્વે ગુના આજથી માફ. બસ આ સંતોની સેવા કરો અને પ્રભુ ભજન કરો, એમાં જ અમારો રાજીપો છે."

મહારાજની અમી ભરેલી નજરોમાં શેઠને સર્વોપરિતાની અનાયાસે ઝાંખી થઈ ગઈ. બસ મનોમન શેષ જીવન શ્રીહરિને અર્પણ કરી દેવાનો મનસુબો કર્યો.

પછી તો એમને મહારાજ ઉપર એટલી આસ્થા બેસી ગઈ કે ત્રણ ચાર વરસમાં તો ઘરબાર માલ મિલકત બધાનો ત્યાગ કરીને મહારાજ પાસે આવી ગયા. મહારાજ અતિ પ્રસન્ન થયા.

શ્રીહરિના સહજ પ્રભાવથી આકર્ષાઈને શેઠ સાધુ બન્યા. તેથી શ્રીહરિએ એમનું પ્રભવાનંદ નામ આપી દીક્ષા ગ્રહણ કરાવી.

સર્વોપરિ શ્રીજી મહારાજના પ્રભાવ માત્રથી આકર્ષાઈને ધન દોલત, માન મરતબો - બધું છોડીને આવા તો ગણાય નહીં તેટલા અસંખ્ય સંતો સામે ચાલીને સાધુ થઈ ગયા હતા.

ખરેખર શ્રીહરિના પ્રભાવની લીલા એવી અલૌકિક છે. જેના શ્રવણ માત્રથી ત્રિવિધ તાપ સ્હેજે સ્હેજે ટળી જાય.

સર્વોપરિ શ્રી નરનારાયણ દેવ.....(પાના નં.૧૧ નું ચાલુ)

આ વિશાળ આયોજનમાં અઠ્ઠાવન યજમાનો હતા. મહારાજશ્રી નિમંત્રણને માન આપી અત્રે પધારેલા. સંપ્રદાયની પ્રણાલી મુજબ યજમાનોએ મહારાજશ્રીના ચરણે ભેટ ધરી. પરંતુ દુઃખીજનો કે પીડિતોના હિત સદાય જેમને હૈયે વસ્યા છે એવા દીન દુઃખીઓના રાહબર કૃપાસિંધુ પ.પૂ. મહારાજશ્રીએ તરત જ આ તમામ ભેટ-સોગાંદ દુષ્કાળ પીડિતોને અર્પણ કરવાનું ભરચક સભા મધ્યે જણાવ્યું ત્યારે આ માનવતાના મહારથી મહારાજશ્રી ના સંકલ્પને તાળીઓના ગગન ભેદી નાદથી સભામાં ઉપસ્થિત હજારો જનોએ વધાવી લીધો. **તેઓશ્રીના શુભાશીર્વાદ અને પ્રાર્થનાથી સમગ્ર કચ્છના લોકો દુષ્કાળમાંથી ઉગરી ગયા. તેઓશ્રી જે વચન બોલે છે તે સત્ય થઈનેજ રહે છે. આવું તો ભગવાન અથવા તેમના અંશ-અપર સ્વરૂપ સિવાય શક્ય જ નથી.**

અતિભવ્યતાથી.....(પાના નં. ૯ નું ચાલુ)

રાકેશપ્રસાદજી મહારાજશ્રીના પિતાશ્રીની ઉપસ્થિતિથી સભા વિશેષ શોભાયમાન જણાતી હતી. મંદિરનું સમગ્ર સંકુલ સત્સંગીજનોથી ખીચોખીચ ભરાઈ ગયું હતું. પ.ભ.શ્રી સંજયભાઈ સોનીના સુપુત્ર અને પૂ. લાલજી મહારાજશ્રીના સખા ચિ. અર્જુને પૂ. લાલજી મહારાજશ્રીને સોનાની જનોઈ ભેટ સ્વરૂપે પહેરાવી હતી. તે બંને પિતા-પુત્ર તથા અગ્રગણ્ય સંત-હરિભક્તોએ આરતીનો લાભ લીધો હતો. સર્વે સંતોએ પુષ્પમાળાથી તથા હરિભક્તોએ ભેટ અર્પણ કરી પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન કર્યું હતું. નવા પ્રકાશન થયેલા પુસ્તકો તથા VCDનું વિમોચન થયું હતું. આ પ્રસંગે અમદાવાદ, વડતાલ, જેતલપુર, ભુજ, મૂળી, ગાંધીનગર વગેરે ધામોથી પધારેલા સંતો-મહંતોએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. તેમજ મહારાજના ત્રણે અપર સ્વરૂપોએ શુભ આશીર્વચનોનું સુખ આપ્યું હતુ. પ.પૂ. મહંત શા.શ્રી નિર્ગુણદાસજી સ્વામીએ સભા સંચાલન કર્યું હતું. અંતે દેવ-દુર્લભ પ્રસાદી જમીને સૌ તૃપ્ત થયાં હતા.

ભાવિ - આચાર્યશ્રીનો ઉપનયન સંસ્કાર

(પ્રધાનાધ્યાપક ડૉ. શ્રી વાચસ્પતિ મિશ્ર)

ભારતીય વૈદિક સંસ્કાર પરંપરામાં ઉપનયન સંસ્કાર માટે એટલું મહત્વ છે જેટલું મહત્વ જીવનમાં આહાર અને વિહારનું છે. ભલે પ્રત્યક્ષ રૂપથી આહાર તથા વિહાર સ્વાસ્થ્ય લાભ આપીને જીવનને સાર્થક કરતું હોય પરંતુ આ ઉપનયન સંસ્કાર પરોક્ષ રીતે જીવનને સાર્થક કરે છે. આ બાબત સમગ્ર શ્રુતિ, સ્મૃતિ, પુરાણ તથા દર્શન શાસ્ત્ર પણ પ્રમાણ પુરવાર કરે છે. જે ઋષિઓ વર્ષો સુધી એ વૈદિક પરંપરાઓની ધરોહર રૂપે વૈદિક સાહિત્ય ભેટ સ્વરૂપ આપતાં ગયા. આજે આપણે તેની તરફ દૃષ્ટિપાત નથી કરતાં. કારણ કે આજે આપણી આંખો પર ભૌતિકતાની પટ્ટી લાગેલી છે. જેના કારણે આપણે આજે યથાર્થતાના દર્શન નથી કરી શકતાં. જ્યારે પ્રત્યેક માનવ માત્ર પોતાના માનવ ધર્મને જ વિસરી ગયો છે ત્યારે વૈદિક પરંપરાને તે સ્પર્શ પણ કેવી રીતે કરી શકે ? સમાજ આ રીતે પોતાની રીતિ-નીતિ વિસરી રહ્યો છે તો કેટલાક લોકો તેને જીવીત રાખવા તત્પર છે. પરંતુ આજે સમાજના પ્રખરપ્રહરી સમાજ સુધારક વૈદિક રીતિ તથા સાંપ્રદાયિક નીતિઓથી જેમનું કુળ અતિ પવિત્ર છે એવા સર્વોપરિભગવાન સ્વામિનારાયણના વંશમાં નિવૃત્તાચાર્ય પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના પૌત્ર તથા વર્તમાન પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ના પુત્ર ભાવિ આચાર્ય ૧૦૮શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજનો વૈદિકવિધિથી ઉપનયન સંસ્કાર સંપન્ન થયો હતો.

જ્યોતિષ શાસ્ત્રના અનુસાર બ્રાહ્મણનો ઉપનયન સંસ્કાર આઠમાં વર્ષમાં પૂર્ણ થવો જોઈએ.

विप्राणां व्रत बन्धनं निगदितं
गर्भाज्जनेर्वाष्टमे ।
"अष्टमेवर्षे बाह्मणमुपनीत"

આ ધર્મ શાસ્ત્ર વચનથી પણ પ્રમાણિત થાય છે. અર્થાત્ જો વેદકાળની તરફ ગતિ કરવી હોય કે સાચા સંસ્કાર આપવા હોય તો આઠમાં વર્ષમાં ઉપનયન કરી સંસ્કારની વિધિ કરી દેવી જોઈએ. આ બધી મર્યાદાઓને ધ્યાનમાં રાખીને સંસ્કાર કરવામાં આવે તો ચોક્કસપણે બાળક પ્રખર મેધાવી થાય છે. જેમ હીરો કાદવ-કીચડમાં પડેલો હોય અને એનો સંસ્કાર અર્થાત્ ઘર્ષણકાર્ય કરી દેવામાં આવે તો તેમાં ચમત્કૃતિ આવી જાય છે. બસ એવી જ સ્થિતિમાં આજે અમારા સંપ્રદાયના ભાવિ આચાર્યનો, જે સર્વે સંસ્કારોથી પૂર્ણ છે. તથાપિ વૈદિક વિધિઓને કરવા હેતુ તથા ઉત્તમ જ્ઞાન પ્રાપ્તિ માટે ઉપનયન સંસ્કાર બ્રાહ્મણનો થવો જરૂરી છે. એવી જ રીતે કાલ અને મર્યાદામાં રહીને એમનો પણ ઉપનયન સંસ્કાર કરવામાં આવ્યો હતો. એમના સંસ્કારકાળના દર્શન જેમણે કર્યા હશે તેમને તે જ પ્રકારના, આહાર-વિહાર જેવા સ્વાસ્થ્ય લાભ થયા હશે. બસ એ જ લાભ એમના મુખારવિંદ પરથી આંકી શકાય છે. એ સૌમ્ય દેદિપ્યમાન, સ્વરૂપ જોઈને ખૂબજ આનંદ થઈ રહ્યો હતો. દરેકના મનને શાંતિ મળી રહી હતી. આ સંસ્કારથી એ લાભ થાય છે કે જ્યારે વૈદિક પરંપરાઓની સાથે ઉત્તમ અધ્યયન, ચિંતન, જપાદિક દ્વારા તેજ પ્રાપ્ત થઈ જાય છે ત્યારે કઈ સ્થિતિ થશે ? ભૌતિકવાદથી અલગ થઈ આધ્યાત્મિકતાની તરફ ગતિ કરવાવાળા આવા કુલિન શાસ્ત્રજ્ઞ, વેદપ્રચોદિત આચરણોથી ભરપૂર આચાર્યની પરંપરામાં એક નવોદિત સૂર્યની જેમ આપ ચમત્કૃત બનો. એવી સર્વોપરિ ભગવાન શ્રી નરનારાયણદેવ ના ચરણોમાં પ્રાર્થના !

સંસ્કૃત ભાષા

- પ્રો. મહાદેવ ધોરિયાણી (રાજકોટ)

સંસ્કૃત ભાષા એ ભારતવર્ષની સંસ્કૃતની ભાષા છે. સંસ્કૃત ભાષાનો ઇતિહાસ ઈ.સ. પૂર્વે ૨૦૦૦ વર્ષ એટલે કે લગભગ ૫૦૦૦ વર્ષ પુરાણો છે. 'ઋગ્વેદ' એ સંસ્કૃત ભાષામાં રચાયેલ વિશ્વની સૌપ્રથમ સાહિત્ય કૃતિ છે. સંસ્કૃત ભાષા આપણી રાષ્ટ્રીય ધરોહર જ નહિ, પરંતુ સમગ્ર વિશ્વ માટે મહત્ત્વની છે. પાણિનિ દ્વારા વ્યાકરણ બધ્ધ થયેલી આ ભાષાના વ્યાકરણ કે તેના ઉચ્ચારણ વગેરે પર વિશ્વની કોઈ ભાષાનો પ્રભાવ પડી શક્યો નથી એ સંસ્કૃત ભાષાની ખાસ વિશેષતા છે. ભારતીય સંસ્કૃતિને સમજવા સંસ્કૃત ભાષા એક અમોધ સાધન છે.

સર્વપલ્લી ડો. રાધાકૃષ્ણન કહે છે-

"Sanskrit literature is national in our sense, but its purpose has been universal."

પં. જવાહરલાલ નહેરૂએ પણ કહ્યું છે કે- "સંસ્કૃત આપણા ભૂતકાળને સાંધનાર સેતુબંધ છે. આપણું ઉત્થાન એને આધારે થયું છે.....ભારતમાં જે પ્રગતિ જોવા મળે છે તેનું મૂળ સંસ્કૃત ભાષા છે."

સંસ્કૃત ભાષાને ભારતીય સંસ્કૃતિનું પારણું (The cradle of Indian calture) કહ્યું છે. રામાયણ, ભાગવત, મહાભારત, ગીતા વગેરે આપણા ધાર્મિક ગ્રંથો સંસ્કૃતમાંજ રચાયા છે. ભારતીય સંસ્કૃતિ સંસ્કૃત ભાષાની કૂખે જ પાંગરેલી છે. આ ભાષા દ્વારા માનવનું સંસ્કરણ અને માનવ જીવનમાં સંસ્કારનું સિંચન થાય છે. સંસ્કૃત ભાષા એ આપણો સંસ્કાર નિધિ છે, તેમજ જનજીવનનું ધારક અને ચાલક બળ છે, આથી તેને ભારતીય જ્ઞાનની 'ગંગોત્રી' કહેવામાં આવે છે. પૂજા-પાઠ, શ્રાદ્ધ, લગ્ન વગેરે ધાર્મિક વિધિઓ પણ સંસ્કૃત દ્વારા જ શક્ય બને છે.

ઉપરોક્ત ધાર્મિક ગ્રંથોમાં ભારતીય પ્રજાજીવનમાં ઉદાત્ત મૂલ્યો પ્રતિબિંબિત થયેલાં છે. આ ગ્રંથોમાં ભારતની આધ્યાત્મિક સંસ્કૃતિનું પ્રતિબિંબ પડે છે. કાલિદાસ, ભવભૂતિ, ભારવિ, દંડીન, માઘ જેવા મહાકવિઓનાં ઉત્કૃષ્ટ સાહિત્ય સર્જનો પણ સંસ્કૃત ભાષામાં રચાયેલાં છે. કહેવાય છે, કે-

"उपमा कालिदासस्य, भारवे अर्थगौरव।
दंडीनः पदलालित्य, माघे सन्ति त्रयो गुणाः ॥"

આ કવિઓની કલાત્મક કૃતિઓ ભારતીય સંસ્કૃતિનો મહામૂલો વારસો છે. આપણી રમ્ય રત્નકણિકાઓ, સુવિચારો, સુવાક્યો વગેરેનું મૂળ સંસ્કૃત ભાષામાં સમાવિષ્ટ થયેલું છે. ધર્મ વિશેનો વિશિષ્ટ દૃષ્ટિકોણ સંસ્કૃત સાહિત્યમાંજ રજૂ થયો છે. વળી, શિક્ષણ અંગેના મૂલ્યો પણ સંસ્કૃત ભાષામાં નિરૂપાયેલાં છે. જીવનદર્શનને પ્રેરણા આપતાં સૂત્રોનું સુપેરે નિરૂપણ પણ આ ભાષામાંજ થયું છે.

સંસ્કૃત ભાષા એ ભારતીય ભાષાઓની જનની છે. મોટા ભાગની ભારતીય ભાષાઓ સંસ્કૃત ભાષામાંથી ઉતરી આવી છે. દા.ત. સંસ્કૃતમોથી પ્રાકૃત, પ્રાકૃતમાંથી જૂની ગુજરાતી અને જૂની ગુજરાતીમાંથી નવી ગુજરાતી એ આપણી માતૃભાષા ગણાય છે. ટૂંકમાં ભાષાઓના વિકાસમાં સંસ્કૃત ભાષાનો અનન્ય ફાળો છે.

રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા સાધવામાં સંસ્કૃત ભાષાનું મહત્ત્વનું યોગદાન છે. ગુરૂદેવ ટાગોર કહે છે કે-

"यत्र विश्वम् भवत्येकनीडम् ।"

"જ્યાં સમગ્ર વિશ્વ એક માળો બને છે." આ રમણીય કલ્પના પણ સંસ્કૃત ભાષામાં અભિવ્યકત થઈ છે ! વિદેશોમાં પણ સંસ્કૃત સાહિત્ય લોકપ્રિય બન્યું છે. સંસ્કૃત સાહિત્ય જ્ઞાન, વિજ્ઞાન અને બુદ્ધિમત્તાનું ઉદ્યાન છે. સંસ્કૃત સુભાષિતો, સુક્તિઓ, પંચતંત્ર વગેરેની કથાઓ જીવનભરનો સંદેશ આપવાની ક્ષમતા ધરાવે છે. જર્મનીમાં તો સંસ્કૃત સાહિત્યનું મોટા પાયે અધ્યયન-અધ્યાપન થાય છે. પ્રાથમિક શાળાઓમાં હિતોપદેશ અને પંચતંત્રની બોધકથાઓ ભણાવાય છે.

આમ, સંસ્કૃત ભાષાના મહત્ત્વનો

(અનુસંધાન પાના નં.૧૭ પર)

ભગવાન શ્રી સ્વામિનારાયણ અને જેતલપુરધામ

- સાધુ અભિષેકપ્રસાદદાસ ગુરૂ સ્વામી નારાયણવલ્લભદાસજી

ધન્ય ધન્ય જેતલપુર ગામ, વહાલે
કર્યું જેને નિજધામ
તીયાં મરે પાપી નરનાર, તે તો ન
જાય જમને દ્વાર.

અમદાવાદથી દક્ષિણ દિશા તરફ ૧૬ કિલોમીટર દૂર અમદાવાદ મુંબઈ નેશનલ હાઈવે-૮ ઉપર જેતલપુર ગામ આવેલું છે.

અમદાવાદથી જેતલપુર જતાં જેતલપુરમાં મુખ્ય માર્ગની જમણી તરફ ઐતિહાસિક સ્થળો જેવા કે ગઢી, વાવ, દેવસરોવર, ફુલવાડી, યજ્ઞશાળા, મહોલ, અક્ષરમહોલવાડી વિગેરે આવેલાં છે. અને ડાબી તરફ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું ભવ્ય શિખરબંધ મંદિર, શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, શ્રી એમ. પી. પંડ્યા હાઈસ્કૂલ અને ગામ આવેલું છે. ગામમાં મુખ્ય વ્યવસાય રાઈસમીલો અને ખેતી છે. ખેતીમાં ડાંગરની વાવણી મુખ્ય છે.

ઈતિહાસમાં આ ગામના ત્રણ વિભાગો ગણાય છે. તળપદ, વાંટો અને શેઢી, 'ગુજરાત સર્વ સંગ્રહ' પુસ્તક નોંધે છે કે, ઈ.સ. ૧૪૨૦માં જમીનની વસુલાત વિશે ઘણા ઝઘડાઓ થતા હતા. એ સમયે અહમદશાહ બાદશાહે ફરમાન કર્યું કે જે લોકો ખંડણી આપશે અને જે લોકો લશ્કરી નોકરી કરશે તેવા જમીનદારોને તેમની જમીનનો ચોથો હિસ્સો વંશ પરંપરા પાછો આપવામાં આવશે. એ સમયથી જે હિસ્સો જુદો રાખવામાં આવતો તે વાંટો કહેવાતો ને બાકીનો હિસ્સો સરકારનો તે તળપદ કહેવાતો.

ઈતિહાસકાર રત્નમણીરાવ ભીમરાવ લખે છે કે, જહાંગીર બાદશાહે ગુજરાતના સુબા તરીકે પોતાના પુત્ર શાહજહાંને નિમ્યો હતો. તેના હાથ નીચે સફીખાન નાયબસુબો હતો. પરંતુ સત્તાની ભૂખથી શાહજહાંએ પોતાના પિતાને કેદ કરીને બળવો કર્યો પણ સફીખાન જહાંગીરને વફાદાર રહ્યો. ઈ.સ. ૧૬૨૩માં શાહજહાંના સૈન્ય અને સફીખાનના સૈન્ય વચ્ચે જેતલપુર આગળ મોટી લડાઈ થઈ. જેમાં સફીખાનનો વિજય થયો. એ વિજયની યાદમાં મોગલ બાદશાહ જહાંગીરે સફીખાનને ગુજરાતનો મુખ્ય સુબો બનાવ્યો. આજ સફીખાને જેતલપુરનો ગઢ, સૈફબાગ, તળાવ (દેવસરોવર) મહોલ વગેરે બંધાવેલાં છે. જેનો એહમદીમાં ઉલ્લેખ જોવા મળે છે. સફીખાને બંધાવેલો કિલ્લો 'જેતલપુરની ગઢી' તરીકે ઓળખાય છે. કિલ્લામાં તોપો મૂકવાની બારીઓ હતી. ૩૫૦ વર્ષ પહેલાં બાંધેલો આ પુરાણો કિલ્લો ખંડીયેર દશામાં જેતલપુરના જૂના ઈતિહાસની સાક્ષી પુરી પાડે છે.

ઘણી બધી ઐતિહાસિક ઘટનાઓ જેતલપુર સાથે જોડાયેલી છે: આ ગામનું નામ જેતલપુર શાથી પડ્યું ? જાણવા જેવી વાત છે. દેવ સરોવરથી પશ્ચિમ દિશામાં એક ઈન્દ્રોડીયા નામે ગામ હતું તે જગ્યાએ ગાઢ જંગલો આવેલાં હતાં. તેથી ઘણીવાર ગામની સલામતી સામે ભય ઉભો થતો એટલે ઈન્દ્રોડીયા ગામના લોકોએ સ્થળાંતર કર્યું અને જ્યાં 'જેતલ' નામે રબારણ બાઈનો નેસડો હતો તે સ્થાનમાં ઈન્દ્રોડીયા વાસીઓ વસ્યા. પાછળથી 'જેતલ' બાઈના નામ પરથી ગામનું નામ જેતલપુર પડ્યું. જેનો ઉલ્લેખ વહીવંચાના ચોપડામાં મળી આવે છે.

એથી મહત્ત્વની વાત તો એ છે કે, સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને જેતલપુર ગામને પોતાની કર્મભૂમિ, મોક્ષભૂમિ અને તીર્થભૂમિ બનાવી એટલે જેતલપુર શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ધર્મ ઈતિહાસમાં અમર બની ગયું. વળી શ્રી સ્વામિનારાયણ ભગવાને સામાજિક કુરિવાજો સામેની જેહાદ, અહિંસામય યજ્ઞો, મોક્ષના સદાવ્રતો, મહોત્સવો, ધાર્મિક જાગૃત્તિ વગેરેના શ્રી ગણેશ પણ આ ગામમાંથી કર્યા. આમ જેતલપુર ગામ હારબંધ ઐતિહાસિક અને ધાર્મિક ઘટનાઓથી ગુજરાતની ધરતી ઉપર ગુજરાતની યશકલગીની જેમ દેદિપ્યમાન બની રહ્યું છે,અને એક યાત્રાધામ તરીકેનું બિરૂદ પ્રાપ્ત કરી ચૂક્યું છે.

જેતલપુરમાં સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણનું આગમન-

વિ.સં. ૧૮૬૨માં જેતલપુરના ભક્તજનોના આમંત્રણને સ્વીકારી ભગવાન શ્રી સ્વામિનારાયણ સૌ પ્રથમ જેતલપુર પધાર્યા. જેતલપુરવાસી ભક્તજનોએ ધામધુમથી સ્વાગત સામૈયું કર્યું, અને અગ્રગણ્ય ભક્ત બાઈ ગંગામાની આગેવાની હેઠળ ગામની બહેનોએ મસ્તક ઉપર શ્રીફળ સાથે કળશ લઈ શ્રી સ્વામિનારાયણ ભગવાનને વધાવ્યા. ભક્તજનોએ અક્ષત, કુમકુમ, ગુલાલ વડે શ્રીહરિને વધાવી પુષ્પમાળાઓ પહેરાવી ભગવાન શ્રી સ્વામિનારાયણ સંતો-પાર્ષદો સાથે જેતલપુરના દેવસરોવરના તટે આવેલ મહોલમાં બિરાજ્યા. બીજા દિવસે દેવસરોવરમાં સ્નાન કરી ભગવાન શ્રીહરિ પશ્ચિમ દિશામાં આવેલ વાડીમાં પધાર્યા. વાડીમાં અનેકવિધ વિવિધ ફૂલના છોડવા અને વૃક્ષો જોઈ વાડીની અત્યંત પ્રશંસા કરી. ત્યારે સમય જોઈને ગામના પાટીદાર ગંગાદાસમુખી, આશજીભાઈ, જીવણદાસ વગેરે ભક્તોએ પ્રાર્થના કરી કે, હે ભક્ત વત્સલ ભગવાન, આ જમીન (વાડી) આપને સપ્રેમ અર્પણ કરી છીએ. એ સમયે શ્રીજી મહારાજે સંમતિ બતાવી એટલે ભક્તોએ લેખ લખીને શ્રીજી મહારાજના ચરણમાં અર્પણ કર્યો.

જેતલપુરમાં અહિંસામય યજ્ઞ-

સમયજતાં ભગવાન શ્રી હરિએ જેતલપુરમાં અહિંસામય યજ્ઞ કર્યો. આ યજ્ઞમાં હજારો નરનારી ભક્તજનોએ સેવા કરી શ્રી હરિની પ્રસન્નતા પ્રાપ્ત કરી. તેમજ આ યજ્ઞમાં એક પતિત ગણિકા (વેશ્યા) એ પણ ઘઉં દળવાની સેવા કરેલી તેનું પણ ભગવાન શ્રી હરિએ કલ્યાણ કર્યું. જેતલપુરના આ યજ્ઞમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને હજારો બ્રાહ્મણોને સતત અઢાર દિવસ સુધી બ્રહ્મ ભોજન કરાવી તૃપ્ત કરેલા અને જય જયકાર કર્યો. યજ્ઞની પૂર્ણાહુતિ પછી ભક્તજનોએ વાડીમાં વટવૃક્ષ નીચે સુંદર આકર્ષક હિંડોળો બનાવેલો તેમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનને બિરાજમાન કરી અને મહા સમર્થ સ.ગુ. આનંદાનંદસ્વામી દોરી ખેંચીને ઝુલાવવા લાગ્યા. આ સમયે ભક્તજનો શ્રીજી મહારાજને પુષ્પના હાર અર્પણ કરી હિંડોળામાં ઝુલતા શ્રી હરિના દર્શન કરી ધન્યતા અનુભવતા અને કીર્તન ભક્તિની ઝડી વરસાવતા જયજયકાર કરતા હતા. આવા તો અનંત લીલા ચરિત્રો કરી શ્રીજી મહારાજે જેતલપુરની ધરતીને પાવન કરેલી છે, તેમજ જેતલપુર ગામમાં શ્રીજી મહારાજ ઘેર ઘેર સો સો વખત પધારેલા છે.

આમ જેતલપુર ધામનું વર્ણન કરીએ એટલું ઓછું છે. સમય જતાં સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને મહા સમર્થ સંત સ.ગુ. આનંદાનંદ સ્વામી દ્વારા જેતલપુર ધામમાં ત્રણ શિખર યુક્ત ગગન ચુંબી ભવ્ય મંદિર નિર્માણ કરાવ્યું .અને તેમાં મહા પ્રતાપી શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજને સં. ૧૮૮૨ના ફાગણ વદ-૮ના પવિત્ર દિવસે સ્વયં શ્રીજી મહારાજે પધરાવી આરતી ઉતારીને જય જયકાર પ્રવર્તાવ્યો. આજે પણ જેતલપુરમાં હજારો ભક્તજનો પદયાત્રા દ્વારા તેમજ વાહનો દ્વારા દેવ દર્શન કરી પોતાના સંકલ્પને શ્રી હરિચરણોમાં સમર્પિત કરી રહ્યા છે.

સંસ્કૃત ભાષા

(પાના નં.૧૫નું ચાલુ)

પરિચય સંસ્કૃત સાહિત્ય કરાવે છે અને અનેરું ગૌરવ પ્રદાન કરે છે. ભારતીય સંસ્કૃતિના પરિપ્રેક્ષ્યમાં સંસ્કૃત ભાષાએ ભારતીય સંસ્કૃતિના દીપને પ્રજ્વલિત અને સમુજ્જવલ રાખવામાં અનન્ય પ્રદાન કર્યું છે. ટૂંકમાં, સંસ્કૃત ભાષા એ જ્ઞાન-વિજ્ઞાનનો ભંડાર છે. તેથી તેનું મહત્ત્વ જેટલું આંકીએ તેટલું ઓછું છે.

સંસ્કૃત ભાષામાં વૈદિક સાહિત્ય પ્રાચીનત્તમ છે. આ સાહિત્યમાં ચતુર્વેદ, ઉપનિષદો, આરણ્યકો વગેરેનો સમાવેશ થાય છે. સંસ્કૃત જ્ઞાન વિજ્ઞાનની, સંપૂર્ણ કક્ષાનું વ્યાકરણ ધરાવતી અને માતૃભાષાને તથા રાષ્ટ્રભાષાને સમૃદ્ધ કરતી ભાષા છે.

આપણા સંપ્રદાયમાં તો દોઢ સૈકાથી શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાનથી સંસ્કૃત પાઠશાળા ચાલે છે. અને જે પાઠશાળાએ સંપ્રદાયને અનેક વિદ્વાનોની ભેટ આપી છે. આજે પણ જેતલપુરમાં ૭૦ જેટલાં સંતો અને બ્રાહ્મણ બટુકો પાઠશાળામાં અભ્યાસ કરી રહ્યા છે.

જીભ કોની સારી ?

- સાધુ ભક્તવત્સલદાસ (તપોવન મંદિર લીંબડી)

એક સોહામણી સંધ્યા ! આશ્રમની સામેના વડના ઝાડ નીચેના મોટા ઓટલા પર ગુરૂ બેઠાં હતાં. સામે શિષ્યવૃંદ હતું. જીવન, જગત, આનંદ અને સફળતા વિષે વાતો ચાલતી હતી. ત્યાં પશુઓ અંગે વાત નીકળી.

ગુરૂએ પૂછ્યું. વધારેમાં વધારે ખતરનાક જીભ કયા પ્રાણીની ?

સાપની એક શિષ્યે તરત જ જવાબ આપ્યો ?

સાપની જીભને વધુ ખતરનાક શી રીતે ગણાય ? એ ઝેરથી ભરેલ દાંતોનો સતત સંગ રાખે છે એટલા માટે. સંગનો રંગ તો લાગે ને ?

વાતતો સમજવા જેવી છે, પણ સાપ કરતાં પણ વધારે ખતરનાક જીભ કોઈની ખરી કે ? ગુરૂએ આગળ પૂછ્યું. શિષ્યો ઉંડા વિચારમાં પડી ગયા.

મને લાગે છે કે હડકાયા કૂતરાની જીભ વધારે ખતરનાક ગણાય. એક બીજા શિષ્યે જવાબ આપ્યો. કારણ આપો ગુરૂએ કહ્યું. કારણમાં એટલું જ કે એની જીભમાંથી હડકવાનાં જંતુવાળી લાળ સતત ઝર્યા કરે છે. આવું કુતરૂં જેને કરડે એને હડકવા હાલે. એ જાતે હેરાન થાય ને બીજા અનેકને હેરાન કરે, માટે એ વધુ ભયંકર.

એ પણ વાત સાચી. હવે એનાં કરતાં વધારે જોખમકારક કોઈ જીભ ખરી ? ના આનાથી વધારે ભયંકર જીભ કોઈની હોય એવુંય મને તો નથી લાગતું. (તો હું તમને સમજાવું. પારકી બદનામી કરનારા માણસની જીભ વધારેમાં વધારે ભયંકર હોય છે. સાપ તો કરડે તેને જ મારે, જ્યારે આવા માણસની જીભ તો અનેકોને અધમૂઆ કરી મૂકે, કુતરૂં તો જેના સંપર્કમાં આવે, જેને કરડે તેને જ હડકવાનો ભોગ બનાવે, જ્યારે બદનામી કરનારો તો અનેક જણનું સત્યાનાશ કાઢતો જાય)

વળી સાપ ને હડકાયા કુતરાને ઓળખવાનું સહેલું છે, જ્યારે બૂરૂં બોલનાર માણસ બૂરૂં કરી રહ્યો છે, એ તત્કાળ તો આપણને સમજાતું નથી. અનુભવના ભંડારમાંથી આવેલી આ સંતની વાત કેટલી સાચી છે ! કોઈ માણસ તમારા દિવાનખાનામાં, તમારી ઓફિસમાં, બસ સ્ટેન્ડ ઉપર કે બસની સીટમાં તમારી બાજુમાં બેસીને કોઈ માણસ વિશે તમારા કાનમાં એવું ઝેર રેડી જાય કે, જેને ધોવાની વાત પછી સાવ અશક્ય બની જાય છે.

આવી બદનામીની વાતોમાં વિચિત્ર બાબત એ છે કે એમાં બોલનાર કે સાંભળનાર બેમાંથી એકેય જણને પ્રત્યક્ષ તો શું પણ સો પેઢીએય કશી લેવાદેવાં નથી હોતી. છતાં એક એ વ્યક્તિ કોઈની કહેલી વાત, મીઠું-મરચું ભભરાવીને કહે છે ને બીજો પાછો એટલા જ રસથી એ વાત સાંભળે છે ! એ વાત અહીં પૂરી નથી થતી. સાંભળનારો પોતાના કાનમાં ઠલવાયેલો કચરો પોતાની જીભ દ્વારા બીજા બેચાર માણસના કાનમાં ન નાંખી આવે ત્યાં સુધી એના ચિત્તને ચેન પડતું જ નથી. સામા માણસની વાત સાચી છે એમ તમે બોલો પણ નહિ. તમે શાંતિથી સાંભળી લો તો પણ પેલાને તો આગળ બોલવાની લીલી ઝંડી મળી જ જાય છે.

તમારા એવા આછા હકારના અણસાર માત્રથી કેવાં-કેવાં નિર્મળ ચારિત્ર ઉપર કાળા ડાઘા જામવા માંડે છે ? આવો વિચાર કરીએ તો ખ્યાલ આવે કે ખોટી વાતો કરનાર અને સાંભળનારની દયા ઉપર જીવને કેવા-કેવા માણસોને હેરાન થવું પડે છે.

નિંદા કરનારા ક્યારે અટકશે ? લેખકને પૂછ્યું.

નિંદા સાંભળનારા અટકશે ત્યારે. બોલનારની વાત સાંભળવી તો જોઈએ ને ? સાવ અવિવેકી કેમ બનાય ?

વાહ ! કોઈની બૂરી વાત કશાય પ્રતિકાર વગર સાંભળી લેવી એ વિવેક ને તે સાંભળવાની તત્પરતા ના દર્શાવવી એ અવિવેક ? આપણને ક્યારે સમજાશે કે બૂરી વાત સાંભળનારો બૂરી વાત કરનાર જેટલોજ દોષિત છે ?

આ સંવાદને પૂરો કરવા માટે હું આટલો ઉમેરો કરીશ. કે કોઈની બદનામી સાંભળનારો ભાગ્યેજ ચૂપ બેસી રહે છે. એ પણ તરતજ બોલનારો બનીને આ પાપમાં આપો આપ ભાગીદાર બની જાય છે. માટે વ્હાલા ભક્તો સ્વામિનારાયણ ભગવાને વાણીને પાણી ગાળીને જ વાપરવાનું કહ્યું છે.

Live For Swaminarayan and die for Swaminarayan

- જયદીપ એચ. પટેલ

મહાન વૈજ્ઞાનિક સર આઈઝેક ન્યુટને ગુરુત્વાકર્ષણનો નિયમ શોધી કાઢ્યો. કોઈકે તેમને પૂછ્યું, "તમે આ મહાન નિમય શી રીતે શોધ્યો ? ત્યારે ન્યુટને જવાબ આપ્યો "વિચાર દ્વારા" નીચેની પંક્તિઓ તેઓ જ સૂર પૂરે છે.

જેવા વિચાર કરશો, તેવા તમે થવાના,
વિચારો નક્કી, જીવન બની જવાના,
સારા વિચાર કરશો, સારા તમે થવાના,
ઊંચા વિચાર કરશો, ઉંચા તમે થવના,
હરિના વિચાર કરશો, હરિરૂપ તમે થવાના,
હરિ ગમતું સુંદર જીવન, જીવી તમે જવાના

આધ્યાત્મિક માર્ગનો મન સાથે ખાસ સંબંધ છે. સમગ્ર બેઈઝ (પાયો) વિચાર સાથે ધનિષ્ઠ સંબંધ ધરાવે છે. તો આપણે પણ વિચારોના ઢગલામાંથી સુવિચારોનો સાર કાઢી જીવનમાં વણી લેવાનો છે. જે મહારાજે આપણને શિક્ષાપત્રી અને વચનામૃત સ્વરૂપે આપ્યો છે. શ્રીહરિનું જ અપર સ્વરૂપ એવા પ.પૂ. મોટા મહારાજશ્રી પણ આપણા વિચારોનું ભાથુ સમૃદ્ધ કરવા માટે જ દરેક સભામાં પોતાની શ્રીજી સ્વરૂપ વાણીમાં કંઈક આવા જ સૂર કાયમને માટે પૂરતા આવ્યા છે કે **"જીવનમાં નરનારાયણદેવના થઈને રહેજો, મહારાજને ગમતામાં રહેજો."** આવા અમૂલ્ય અલૌકિક તેમના શબ્દોથી જ તેઓશ્રીએ આપણા જીવનને સુખમય બનાવવા આપણને સૌને આધ્યાત્મિક વિચારોની કેવી અમૂલ્ય ભેટ આપી છે. જે જીવનમાં ઉતારતા કાયમને માટે મહારાજની સ્મૃતિ હૃદયમાં રહી જાય તેમ છે. પરંતુ માત્ર સ્મૃતિ જ નહિ આજ્ઞા પણ પાળવાની છે એવો પણ સંકેત રહે છે. આ સર્વે આજ્ઞા વાંચ્યા પછી પણ તે પ્રમાણે વર્તારો નથી રહેતો. કારણ કે આપણને ભૂતકાળ સામે નજર નાખવાની ટેવ નથી અને આજ પ્રભુ પ્રગતિ તરફ આગળ વધવામાં સૌથી મોટી આપણી કચાશ રહી જાય છે.

અંગ્રેજીમાં એક કહેવત છે કે Time and tide wait for none. એટલે કે સમય અને ભરતી કોઈની રાહ જોતા નથી. હે સત્સંગી બંધુઓ ! આપણે જીવનમાં કાયમ માટે આજના જ દિવસથી એક વાત યાદ રાખી અંતરમાં ઠરાવ કરાવી દેવાની છે, જૂના ધ્યેયને વધુ દ્રઢાવ બનાવી દેવાનો છે. જે સર્વે હરિભક્તો તથા સંતો માટે પણ અને એમાય નરનારાયણદેવ યુવક મંડળ માટે સુંદર સંકલ્પ છે. જે મહારાજે અને નંદસંતોએ આપણા ઉપર સોંપ્યો છે. એમનો સંકલ્પ જે હતો કે વિશ્વમાં "પાંદડે પાંદડે શ્રી સ્વામિનારાયણ" નામ અમારે ગુંજતુ કરવું છે. એ જ સંકલ્પ હવે આપણે પરિપૂર્ણ કરવાનો છે એ ઠરાવ આપણો બનાવી દેવાનો છે. એ સંકલ્પો પરિપૂર્ણ કરવાને અર્થે આપણે સૌ જીવનમાં એક સંકલ્પ કરી લઈએ We surrender to Lord Swaminarayan એટલે કે Our total life is of Swaminarayan, for Swamianrayan and by Swaminarayan. અર્થાત્ આપણું સમગ્ર જીવન ભગવાન સ્વામિનારાયણનું તેમના અર્થે અને તેમના દ્વારા સંચાલિત છે ને રહેવું જોઈએ. આપણા દરેક કાર્યમાં ભગવાનને મુખ્ય કરો અને વ્યવહારને ગૌણ કરો. આપણે સમગ્ર વિશ્વને આપણા મૂળ સંપ્રદાયની ઓળખ અપાવવાની છે. આ વિશ્વના દરેક મુમુક્ષુ જીવને શ્રી નરનારાયણદેવ અને પ.પૂ. મહારાજશ્રીનોમહિમા સમજાવી સર્વેને સત્સંગી કરવાના છે. હરિભક્તો ! આ સત્સંગમાં આવ્યા પછી જીવનમાં આ એક જવાબદારી મહારાજે સ્વયં આપણને સોંપી છે. તે પરિપૂર્ણ કરવાની છે. અને આ સંકલ્પ આપણો, આપણા મહારાજનો તો જ પરિપૂર્ણ થઈ શકે કે જેમ આપણા આચાર્ય મહારાજશ્રી જેવી રીતે એક એક ક્ષણ પોતાની આ સત્સંગ માટે પ્રવૃત્તિશીલ રાખે છે તેવી જ રીતે સર્વે સંતો અને નરનારાયણદેવ યુવક મંડળ એકતાના બળ અને મહારાજશ્રીની આજ્ઞા મુજબ આ દિવ્ય સત્સંગ માટે ક્ષણે ક્ષણ પ્રવૃતિશીલ રહે તો સમગ્ર વિશ્વ સત્સંગી બની જાય એમા કોઈ શંકાને સ્થાન ન રહે.

માટે આપણે સૌ મહારાજને એ જ પ્રાર્થના કરીએ કાયમ કે હે કરુણાધીશ ! હે દયાનિધિ ! હે ભક્તિનંદન ! આપનો સંકલ્પ એ જ અમારો સંકલ્પ છે. આજથી આ સંકલ્પ સિધ્ધ થાય તે માટે અમ પર દયા કરજો, અમ પર અમીદ્રષ્ટિ રાખતા રહેજો, હે મહાપ્રભુ!

સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

સ્નેહ વગરનું સંગીત

- શાસ્ત્રી હરિસ્વામી (ગાંધીનગર)

જે કાંઈ સત્કર્મ કરો, ભજન કરો એ ભગવાનને સંભારીને રાજી કરવા માટે કરો તો જ સફળ થાય. નહીં તો નિષ્ફળ. બહુ સુંદર કથા છે. નારદજીને એકવાર ગર્વ આવ્યો એ મહાત્મા પુરુષ હતા. મહાત્મા પુરુષને ગર્વ શોભે નહીં. કોઈ લશ્કરનો વડો ઊભો હોય. તેને ગર્વ શોભે. એ હાથ જોડી માળા ઝાલીને ઉભો હોય તો તે એના હોદ્દા-ફરજને અનુકૂળ ન આવે. પણ એ રૂઆબથી ઊભો હોય તો શોભે. એમ કોઈ મહાત્મા પુરુષ ગર્વથી ઊભા હોય તો શોભે.

નારદજીને સંગીતનો ગર્વ આવ્યો. મને જે વીણા વગાડતા આવડે છે એવી જગતમાં કોઈને ન ફાવે. મારા જેવી વીણા વાદન કોઈ કરી શકતું નથી. પરમાત્માને વિચાર થાય છે. નારદજી અમારા છે. સાચા મહાત્મા છે. પણ એમનામાં આ ગર્વ આવ્યો છે એ શોભે નહીં. એ કાઢવો પડશે.

એકવાર પરમાત્માની પાસે દ્વારિકામાં વિશાળ સભા થઈ. એ સભામાં સંગીતકારો બહુ બેઠેલા. સંગીતના પાછા બહુ પ્રકારો હોય છે. તમામ પ્રકારો અને ભેદને જાણનારા મોટા મોટા સંગીતકારો આ સભામાં આવ્યા છે. દ્વારિકાધિશની કચેરીમાં આ સંગીતકારો બેઠા છે. સંગીતના જ્ઞાતા નારદજીને એમ થયુ આ બધાની આગળ એવો પ્રભાવ પાડું કે ધરતી ઉપર મારી વાહ વાહ થઈ જાય ! કે વીણા વગાડવામાં નારદજીને કોઈ ન પહોંચે.

ઠાકોરજીના સોનાના સિંહાસનની બાજુમાં એક વાનરરાજ બેઠેલા. વિશાળ વાંદરો ! બધાને એમ લાગ્યું કે સંગીતકારોની આ સભામાં આ વાંદરાને શા માટે સ્થાન મળ્યું હશે ! અને એ પાછુ સિંહાસનની બાજુમાં ! કેટલાય માણસો વિચાર કરવા લાગ્યા કે દ્વારિકાધિશની આવી ટેવ છે. પહેલા કોઈ રીંછના બચ્ચાને લઈ આવેલા, આ નારદજીએ વીણા વાદન શરૂ કર્યું. જુદાં જુદાં પ્રકારો આરોહ અવરોધ, મૂર્છા, તાલ, લય બધું એ ધાતુના તાર ઉપર એવા પ્રત્યક્ષ કરી બતાવ્યા કે સભા આખી બોલી ઉઠી વાહ નારદજી વાહ ! શું તમારી કળા ! પણ ઠાકોરજી ઉદાસ બેઠેલા, ભગવાનના મુખારવિંદ પર હાસ્યની લકીર પણ દેખાણી નહીં. નારદજીને થયુ કેમ આમ છે ? આવું સુંદર સંગીત વગાડું છું. કાળો નાગ પણ ડોલી ઉઠે પણ નારાયણ કેમ ડોલતા નથી. આવી મારી વીણા વાગી રહી છે અને પ્રભુના મોઢા ઉપર ઉદાસીનતા ! પછી તો જેટલું આવડતું હતું એટલું બધું વગાડ્યું અને પછી નારદજીએ વિરામ કર્યો એટલે નારાયણે પ્રશ્ન પૂછ્યો કોણ છે જાણો છો ? પેલા વાનરરાજ બાજુમાં બેઠેલા એને પૂછ્યું, કપિરાજ આ સંગીત કેવું લાગ્યું ? નારદજીને મશ્કરી લાગી. મારા સંગીતનો અભિપ્રાય એક વાંદરાને પૂછવાનો ! આવા વિદ્વાન બેઠા છે. સંગીતના નિષ્ણાતોને ન પૂછતા પ્રભુએ એક વાંદરાને પૂછ્યું આ સંગીત કેવું લાગ્યું ! એક વાંદરો શું અભિપ્રાય આપે. ખરેખર આ મારી મશ્કરી છે ! મારો ઉપહાસ કર્યો છે ! અને નારદજીથી રહેવાયું નહીં એટલે બોલ્યા પણ ખરા કે પ્રભુ આ બાજુ સભામાં પૂછો. જ્યારે બીજા માણસોને પૂછો ત્યારે જાણી લેવું કે તમે માણસોને રાજી કરવા માટે કળા વ્યક્ત કરી છે. ઈશ્વરને રાજી કરવા માટે નહીં. ઘણા પૂછે મારૂ પ્રવચન કેવું લાગ્યું ! બહુ સારૂં લાગ્યું. ભાઈ સો વર્ષના થાવ ! ઘણું સારું એનો અર્થ જ એ થયો સાબિત થયું કે ભાઈ તમને બધાને ગમ્યું ને. એટલે તમને રાજી કરવા માટે હતું. પ્રભુને રાજી કરવા માટે નહી. નહીં તો ભગવાનને ન પૂછે કે ભગવાન મારી ભક્તિ તમને ભાવે છે કે નહીં ન ભાવતી હોય તો મરાલા બદલું. આપણે ઠાકોરજીને પૂછવું કે મારો પ્રસાદ મીઠો લાગે છે કે નહીં. નહીં તો ઉપર એલાયચીનો ભૂકો ભભરાવું. આપણે માણસને શા માટે પૂછવું. માણસ માટે કોઈ થોડું કરીએ

છીએ.

અને ભગવાને નારદજીને કહ્યું નારદજી તમારી વીણા આ કપીરાજને આપો. અરે રે ! ભગવાન આ તો વાંદરો મારી મહામૂલી વીણા ભાંગી નાખશે. એમાં ક્ષતિ પહોંચાડશે. એ તાર તોડી નાંખશે. એ તો ચંચળ છે. ભગવાન કહે છે મારી જવાબદારી ! જો આ કપિરાજ વીણા તોડી નાખે તો હું નવી સોનાની બનાવડાવી દઈશ. અને નારદજીએ કચવાતા મને વીણા વાનરરાજે આપી. અને વાનરરાજે વીણા ઉપર સંગીત સાથે પરમાત્માની ધૂન શરૂ કરી કે ધીરે ધીરે સભામાં બેઠેલાં સર્વ જનો શરીરનું ભાન ભૂલી ગયા ! તન્મય થઈ ગયા ! ધૂન્યના પ્રવાહમાં જાણે ખેંચાઈ ગયા ! એટલું જ નહીં એ વાનરરાજ પોતે પણ જાણે તન્મય બની ગયા.

ભગવાને ચપટી વગાડી ધૂન્ય સમાપ્ત થઈ. અને પ્રભુએ બધાને પૂછ્યું અમારા કપિરાજનું સંગીત કેવું લાગ્યું ? અને આખી સભા બોલી ઉઠી. ભગવાન આ ધરતી ઉપર આવું સંગીત સાંભળવા નહીં. એવું સંગીત લાગ્યું. એનું વર્ણન શક્ય નથી. નારદજી હવે તમારી વીણા લઈ લો. નારદજીએ વખાણ કર્યા વાહ ! કપિરાજ ! હું એમ માનતો તો કે હું જ સારામાં સારો સંગીતકાર છું. પણ તમે મારાથીય ચડી જાઓ એવા છો ! નારદજી જમીન પર મૂકેલી વીણા જ્યાં ઉપાડવા ગયા તો ચોંટી ગયેલી વીણા અધ્ધર થાય નહીં ! પ્રભુ આ શું થયું ! આ વાંદરાએ કોઈ ચરિત્ર કર્યું લાગે છે. નારદજી આ કપિરાજના સંગીતના પ્રભાવથી પથ્થરેય પીગળી ગયો છે. પીગળેલો પથ્થર એમાં વીણા ચોંટી ગઈ છે. પાછો પથ્થર પોચો થાય તો વીણા ઉખડે. એવું સંગીત વગાડો કે એ પથ્થર પીગળે. નારદજી કહે પ્રભુ એ તો મને નથી આવડતું. પ્રભુ કહે છે, કપિરાજ તમે શરૂ કરો. અને ફરીથી ધૂન્ય શરૂ કરી. વીણા પથ્થરમાંથી છૂટી. ભગવાન કહે છે નારદ અમને રાજી કરવા માટે જો ધૂન્ય કરવામાં આવે, સંગીત વગાડવામાં આવે તો પથ્થર જેવો પથ્થર પણ પીગળે છે. પણ જગતને રાજી કરવા જે જે કાંઈ થાય એ અમે સ્વીકારતા નથી. હવે નારદજીને ખબર પડી. આ સંગીત વગાડનાર કોઈ સામાન્ય વાનર નથી. સાક્ષાત્ હનુમાનજી છે. એણે રામને રાજી કરવા જ ધૂન્ય કરી હતી. ધૂન્ય કરીએ, કીર્તન બોલીએ, ભજન કરીએ, કથા સાંભળીએ - કે કથા વાંચીએ, જે કાંઈ કરીએ એ ભગવાન પરત્વે જ હોવું જોઈએ. આપણી તમામ ક્રિયા ઈશ્વરને રાજી કરવા માટેની હોવી જોઈએ. તો ભગવાન એ ક્રિયા સ્વીકારે છે.

સ્વામિનારાયણ ભગવાને પ્રથમના બાવીસમાં વચનામૃતમાં પણ એ જ વાત કરી છે કે, " મૃદંગ, સારંગી, સરોદા, તાલ ઈત્યાદિ વાજીંત્ર વજાડીને કીર્તન ગાવવાં. તેને વિષે જો ભગવાનની સ્મૃતિ ન રહે તો એ ગાયું તે ન ગાયા જેવું છે. અને ભગવાનને વિસારીને તો જગતમાં કેટલાક જીવ ગાય છે. તથા વાજીંત્ર વગાડે છે. પણ તેણે કરીને તેના મનમાં શાંતિ આવતી નથી. તે માટે ભગવાનનાં કીર્તન ગાવવાં તથા નામ રટણ કરવું તથા નારાયણ ધૂન્ય કરવી. ઈત્યાદિક જે જે કરવું તે ભગવાનની મૂર્તિને સંભારીને જ કરવું."

ગાંઠનું ગોપીચંદન

- હ. જી.સ્વામી (ગાંધીનગર)

તુંગભદ્રાને કિનારે એક વહાણ લાંગર્યું છે. આ કોઈ સામાન્ય વહાણ નહોતું. આમાં તો સોનાના કિંમતી ચરૂઓ ભર્યા હતા. વહાણમાં એક દેવી બેઠેલી છે. જે ચરૂઓનું રખોપું કરે છે. એવામાં ત્યાં એક ગરીબ બ્રાહ્મણ આવી ચડ્યો. તેણે કૌતુકથી પૂછયું દેવી ! આ વહાણ શાનું છે ? શું ભર્યું છે આમાં ?

"ભૂદેવ ! આ તમારા કામનું નથી. આ તો જયચંદ શેઠનો માલ છે." દેવીની વાત સાંભળીને બ્રાહ્મણે આજીજી કરી કે હું ગરીબ છું. મને આમાંથી કાંઈક આપોને.

દેવી કહે, એમાં શું ! શેઠ પાસે આવું કેટલુંય ગણતરી વગરનું નાણું પડ્યું છે. પરંતુ શેઠની રજા સિવાય મારે કશુ અપાય નહિ. એક કામ કરો, આ વહાણ આવ્યાનો સંદેશો શેઠને પહોંચાડવાનો જ હતો. તો તમે જ સંદેશો પહોંચાડીને શેઠ પાસે ચિઠ્ઠી લખાવી લાવો. હું તમને આમાંથી એકસો સોનામહોરો આપી દઈશ.

આ સાંભળીને બ્રાહ્મણ ખુશ થઈ ગયો. સંદેશવાહક તરીકે તે શીઘ્ર ગતિએ શેઠને ઘેર પહોંચ્યો. વાત કરી કે શેઠ, સોનાના ચરૂઓથી ભરેલું આપનું વહાણ આવ્યું છે. શેઠે ઠંડા કલેજે કહ્યું, આજ સુધીમાં એવા તો કેટલાય વહાણો આવી ગયાં છે. એનો કોઈ હિસાબ જ નથી. "તો શેઠ, કૃપા કરીને આ ગરીબને કાંઈ આપોને." બ્રાહ્મણે કાકલુદી કરી.

"ભૂદેવ, એમાં પૂછવાનું શું હોય ! મારી પાસે અઢળક નાણું પડ્યું છે. તે ક્યાં નાંખવું તેની મને ચિંતા થાય છે. હું તો ભેળું કરી કરીને થાક્યો. તારે જોઈએ તેટલું એમાંથી લઈ લે." ભલે શેઠ, પરંતુ વહાણની દેવી આપની ચિટ્ઠી વિના મને કાંઈ લેવા નહિ દે. કૃપા કરીને ચિટ્ઠી લખી આપોને. શેઠે તરત જ ચિટ્ઠી લખી આપી. તે લઈને બ્રાહ્મણ હરખભર્યો ઉપડ્યો. જતાં જતાં માર્ગમાં જે કોઈ સગાં-વહાલાંના ઘર આવ્યાં તેમને વાત કરતો ગયો કે મને સોના મહોરો મળવાની છે. એમાંથી બે ચાર તમને આપીશ.

એમ વચન આપીને તે વહાણની દેવી પાસે આવી ચડ્યો. ચિટ્ઠી જોઈને દેવીએ કહ્યું તારે જોઈએ તેટલું ધન લઈ લે. આદેશ મળતાં જ તે વહાણમાં ચડ્યો. જેવો તે સોનામહોરોના ચરૂને અડક્યો કે તરત જ તેના હાથ તેમાં ચોટી ગયા ! પછી તો ઉખડે જ નહિ.

બ્રાહ્મણ ગરીબડો થઈને દેવીની સામે જોવા માંડ્યો. જવાબમાં દેવી બોલી, હવે હાથ ઉખેડવા કાંઈક મૂકવું પડે. તો જ હાથ છૂટો થશે. નહિ તો આમને આમ ચોટેલા રહેશે. બ્રાહ્મણ કહે, હું તો ગરીબ માણસ છું. મારી પાસે મૂકવા કાંઈ જ નથી. "તો કાંઈ નહિ લે ? એક હાથ હું છુટો કરી આપું છું. પણ બીજો ઉખેડવા તારે કાંઈક તો મૂકવું જ પડશે, કેમ કે આ તો રાક્ષસી ધન છે. કાંઈ આપ્યા વિના છૂટકારો નહિ જ થાય." દેવીની આવી આકરી વાણી સાંભળીને બ્રાહ્મણ ગભરાઈ ગયો. અને બોલ્યો, "મારી પાસે ગોપીચંદન સિવાય બીજું કશુ નથી."

દેવી કહે, કાંઈ વાંધો નહિ. ગોપીચંદન મૂક. બ્રાહ્મણે જેવું ગોપીચંદન મૂક્યું કે તરત બીજો હાથ છૂટો થયો. ખાલી હાથે ઘેર આવ્યો. ત્યાં સગા-સંબંધી ફરી વળ્યાં. "લાવ, અમારી સોનામહોરો આપ. પણ મને કાંઈ જ નથી મળ્યું. પણ તું તો કહેતો'તો કે ઘણી સોનામહોરો મળશે ! એનું શું ? તેં તો અમને છેતર્યા ! બ્રાહ્મણ કહે, છેતરવાની ને સોનામહોરોની વાત જવા દો. મારે તો ગાંઠનું ગોપીચંદનેય ગયું ! એ તો ભગવાનનો પાડ માનો કે મારા હાથ એ ચરૂમાંથી ઉખડ્યાં. નહિ તો મારી દશા બગડવાની હતી. હવે બ્રાહ્મણને તામસી ધનની ભયાનકતા સમજાઈ ગઈ હતી.

સજ્જનો ! આવું થાય. હરામનું ધન લેવા જતા બ્રાહ્મણની દશા કેવી થઈ ! સુખી થવા માટે પરસેવાની કમાણી સિવાય બીજું એકેય રૂડું સાધન નથી. ગમે ત્યાં, ગમે તેનું, અણહક્કનું અપવિત્ર ધન કદાપિ કોઈને સુખી કરતું નથી. ખોટા લોભમાં ફસાવાથી કોઈ લાભ નથી. ઉલ્ટું, ગાંઠનું ગોપીચંદન જાય ! ઘણીવાર અન્યાયનો એક રૂપિયો ન્યાયના સો રૂપિયા ખેંચી જાય છે. આ વાત ઉપરથી સમાજમાં એક કહેવત ઉતરી આવી છે કે એણે તો વ્યવહારમાં "ગાંઠનું ગોપીચંદન" ખોયું. સો વાતની એક વાત, શિક્ષાપત્રીને પૂછીને વ્યવહાર કરનાર ગૃહસ્થ કદાપિ દુઃખી થતો નથી.

અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવના દૈનિક સાંધ્ય (સાંજના) થાળ

સર્વોપરિ શ્રી નરનારાયણદેવના સાંજના પાકા થાળ છેલ્લા ઘણા સમયથી શરૂ કરવામાં આવ્યા છે. તો જે ભાવિક શ્રધ્ધાળુ હરિભક્તોને ઠાકોરજીને સાંજના થાળ કરાવવાની ઈચ્છા હોય તેમણે કોઠારે રૂ. ૫૦૦/- ભરીને પાવતી મેળવી લેવી. સાંજના થાળની પ્રસાદી આપવામાં આવતી નથી.

मंगलशालनम्

स्वस्तिश्रीमान्निखिल गुणगणाऽलं कृततानामनवद्यविद्या विद्योतिताऽन्तःकरणानां - नरनारायणकृपाप्रसाद दत्तचित्तानांस्वतः प्रसन्नतया स्वतनय श्री १००८ कोशलेन्द्रप्रसादजी महोदयं - श्री स्वामिनारायण पीठाचार्य पद प्रदान संकल्पपूर्णानां १००८ श्री तेजेन्द्रप्रसादजी महाराजनां पौत्र १०८ श्री व्रजेन्द्रप्रसाद महोदयानां मौञ्जी बन्धमहामहोत्सवे मथुरास्थ डो.वासुदेवकृष्ण चतुर्वेदी सप्ताचार्य कृतं सुभाशंसनम् ।

मंगलाचरणम्

दोहा छन्द

तारहारहीर द्युती रुचिजितकोटि रतीश
सुर-नर मुनिसेवितचरण-जय द्वारकाधिश ॥१॥
वक्षःस्थले राजति यस्यलक्ष्मी, श्री राधिका शोभित वाम भागे ।
श्री स्वामिनारायण हृल्लसन्तं, श्री कृष्णदेवं हृदि चिन्तयामि ॥२॥
स्वामिनारायणं वन्दे छपिया भूमिभास्करम् ।
श्री तेजेन्द्रप्रसादनां प्रपितामह पूर्वजम् ॥३॥
स्वामिनारायणं वन्दे हनूमत्पूजकं मुदा ।
नर नारायणैदेवौ स्थापितौयेन गुजरे ॥४॥

१००८ श्री तेजेन्द्रप्रसादा :-

सृष्टिस्तेवशवर्तिनी भवतुवै श्री स्वामिनारायणो, भक्ता स्तेसततंभवन्तुसुखिनो देशेविदेशेष्वपि ॥
पौत्राद्याश्च प्रपौत्ररत्नसहिता, ष्युः सर्वदाकीर्तियुक् श्री तेजेन्द्रप्रसादविज्ञभवने नित्यभवेत् मंगलम् ॥५॥

१००८ श्री कोशलेन्द्राचार्य :-

यैराचार्यवरैः स्वपितृचरणानामाज्ञया वै मुदा, श्री स्वामी सहजार्य पीढ तिलकाचार्यत्वमंगीकृतम् ॥
वैशाखेऽथय सत्तिथौ बुधदिने श्री कौशलेन्द्राबुध्ध, कुर्वन्त्यद्य व्रजेन्द्र लालजि शिशोः मौञ्जीव्रतं मंङ्गलम् ॥६॥

१००८ श्री व्रजेन्द्रप्रसादजी -

आयुष्मान् भव कीर्तिवान् भव सदाविद्वद्वरिण्ये भव लक्ष्मीस्तिष्ठतुसततं शुभकारीसिध्धि प्रदासर्वदा ॥
प्राणदोत्तर श्री व्रजेन्द्रवटुकस्त्वं धर्मनिष्ठोभव श्री श्रीकौशलदेवतात कृपया नित्यं भवेन्मंगलम् ॥७॥

श्री व्रजेन्द्रप्रसादस्य मौंजीव्रतमहोत्सवे
मंगलंभवतात नित्यं नरनारायणाशिषा ॥८॥
तिर्गोतिर्गतिवातित्वां परिपण परिपयाम्
मापद्यातपरिपद्यातुऽतिराति वितिसुते ॥९॥
श्रीमच्छ्रीवर पादाब्ज पराग परिलालितः
वासुदेवस्चतुर्वेदो मंगलाशाषनं व्यधात् ॥१०॥

(પ.પૂ. લાલજી મહારાજશ્રીના ઉપનયન સંસ્કાર પ્રસંગે મથુરાના સંસ્કૃતના વિદ્વાન પંડિત ડૉ. શ્રી વાસુદેવકૃષ્ણ શાસ્ત્રીએ સુંદર શ્લોકો રચીને પોતાની ભાવના દર્શાવી છે.)

સ્વામિનારાયણ નામનો મહિમા.....

સ્વામિનારાયણ નામનો .....
સ્વામિનારાયણ નામનો મહિમા છે મોટો,
પીળું તિલકને મધ્યે કુમકુમનો ચાંદલો.
જો જો હરિભક્ત (૨) એને કલંક લાગી જાય ના.... સ્વામિ...

કળિયુગમાં દેહ ધર્યો જીવોના કલ્યાણ કાજ
બાળ લીલાઓ ઘણી કરી શ્રી ઘનશ્યામે.
જો જો હરિભક્ત (૨) એ લીલાઓ વિસરી જવાય ના.... સ્વામિ...

બાળપણમાં વન વિચરણ કર્યું શ્રી ઘનશ્યામે,
ઠંડીમાં ગાત્રો થીઝે, ગરમીમાં અંગ બળે,
મેઘની ધારાઓ પડે માથે, કોપીન ધર્યું છે અંગે.
જો જો હરિભક્ત (૨) એ તપશ્ચર્યા એળે જાયના.... સ્વામિ...

લોજપુર ધામ આવી શ્રી નીલકંઠવર્ણી બિરાજ્યા
સ્થાપવા સંકલ્પ કર્યો શુધ્ધ સંપ્રદાયનો,
બે દેશ ગાદી કરી શ્રીનગરને વત્તપુર ધામમાં
જો જો હરિભક્ત (૨) એ ગાદીમાં ડગમગાટ થાય ના.... સ્વામિ...

રચી શિક્ષાપત્રી સહજાનંદ સ્વામીએ વત્તપુરમાં
આપ્યા નિયમો સત્સંગીને સંપ્રદાયના
જો જો હરિભક્ત (૨) એ ગૃહસ્થના નિયમો લોપાયનાં.... સ્વામિ...

સંતોનો સત્ સમાગમ કરજો હરિભક્તો
ભવોભવનાં ફેરા નહિ ફરવા પડે તમારે.
જો જો હરિભક્ત (૨) શ્રીહરિની મૂર્તિ સામું.... સ્વામિ...

"હે પ્રભુ ? આત્મા (જીવ) આ દેહમાં પવિત્ર છે કે નહિ,
જો ના હોય તો તમો અમોને પવિત્ર રહે તેવી બુદ્ધિ ને શક્તિ આપો."

- જશવંતભાઈ આર. ભાવસાર, રાણીપ

ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ઉપનયન સંસ્કાર પ્રસંગે યોજાયેલ રમતોત્સવમાં ૧ થી 3 નંબરમાં ઉતિર્ણ થયેલા બાળકોની યાદી.

વિભાગ -અ- તા. ૯-૦૫-૦૫, ભાઇઓ

મ્યુઝિકલ ચેર (૧) દેસાઇ પ્રિતેશ વસંતભાઈ, બાપુનગર (૨) કંસારા ઉત્સવ દિપકભાઈ, વિસનગર (૩) ખેર ક્રિપાલ બળવંતભાઈ, નરોડા. **ધાર્મિક પ્રશ્નોત્તરી** (૧) ચૌધરી સહિલ એમ, બાલવા (૨) પટેલ અંકિત રમેશભાઈ, બાપુનગર. (૩) ભાવસાર યશ મહેશભાઈ, વિસનગર અને મોદી નિરવ કિરીટભાઈ, વિસનગર. **દેડકા દોડ** (૧) પટેલ ચિરાગ મહેન્દ્રભાઈ, ઉમેદપુરા. (૨) ચૌધરી વિપુલ પ્રહલાદ, બાલવા (૩) જોષી વિરલ દિપકભાઈ, નારણપુરા. **બુધ્ધિકસોટી** (૧) ગોહિલ દર્શન અનિલભાઈ, બાપુનગર (૨) ભાવસાર દર્શિત પંકજકુમાર, નવાવાડજ (૩) ભાવસાર યશ મહેશભાઈ, વિસનગર. **લીંબુ ચમચો**(૧) દેસાઇ ઉર્વિશ વિનુભાઈ, બાપુનગર (૨) ગજ્જર ઉત્સવ, નવા વાડજ (૩) મોદી નિરવ કિરીટભાઈ, વિસનગર. **ચિત્ર સ્પર્ધા** (૧) ગજ્જર જય રાજુભાઈ, નરોડા (૨) ભાવસાર દેવલ રામકૃષ્ણ, નવા વાડજ (૩) મલ્લી કૌશલ એ., કાલુપુર.

વિભાગ -અ- તા.૯-૦૫-૦૫, બહેનો

મ્યુઝિકલ ચેર (૧) પટેલ શાહિની ધર્મેશભાઈ, નરોડા (૨) ભાવસાર ધારિકા મુનોજભાઈ, નારણપુરા (૩) ઠક્કર હેલી પંકજભાઈ, કાલુપુર. **ધાર્મિક પ્રશ્નોત્તરી** (૧) પાટડિયા અપેક્ષા મહેન્દ્રભાઈ, કાલુપુર (૨) પટેલ રિંકલ રાકેશભાઈ, બાપુગર અને સુખડિયા કાનન જયંતભાઈ, બાપુનગર (૩) પટેલ આંકાક્ષા દિનેશકુમાર, મહાદેવનગર. **દેડકા દોડ** (૧)ભાવસાર ધ્રુતિ તુષારભાઈ, ચાંદલોડિયા (૨) પાટડિયા અપેક્ષા મહેન્દ્રભાઈ, કાલુપુર (૩) ગુમા રક્ષિતા રાજેન્દ્રભાઈ, નવા વાડજ. **બુધ્ધિકસોટી** (૧) પટેલ આકાંક્ષા દિનેશભાઈ, મહાદેવનગર (૨)ભાવસાર મહિમા રાજેન્દ્રભાઈ, નવાવાડજ (૩) પાટડિયા કેના અજયકુમાર, કાલુપુર. **લીંબુ ચમચો** (૧) ધડુક કિંજલ મયુરભાઈ, બાપુનગર (૨) ભાવસાર ધ્રુતિ તુષારભાઈ, ચાંદલોડીયા (૩) રાઠોડ ઝરણા સંજયકુમાર, જીવરાજપાર્ક. **ચિત્ર સ્પર્ધા** (૧)ભાવસાર જૈની કેરિ જનતા નગર (૨) ઠક્કર દૃષ્ટિ પ્રશાંતકુમાર, જીવરાજપાર્ક. (૩) ભાવસાર મહિમા રાજેન્દ્રભાઈ, નવા વાડજ.

વિભાગ -બ- તા.૧૦-૦૫-૦૫, ભાઇઓ

સ્લો સાઇકલ (૧)પંચાલ જીજ્ઞેશ ધીરુભાઈ, વિસનગર (૨) પટેલ રવિકુમાર વિષ્ણુભાઈ, મોખાસણ (૩) ચૌધરી કેતન ડાહ્યાભાઈ, બાલવા. **થ્રો બોલ (ગોળા ફેંક)** (૧) ચૌધરી સુનિલ લાલજીભાઈ, બાલવા. (૨) પટેલ સંજય રમેશભાઈ, મોટપ (૩)પટેલ રોહિત અમૃતભાઈ, ઉમેદપુરા (ઈડર) **ફુગ્ગાફોડ** (૧) ઠક્કર જતન જયેશભાઈ, સેટેલાઈટ (૨)પટેલ આકાશ યોગેશભાઈ, નવા વાડજ (૩) ચૌહાણ નિરવ મુકેશભાઈ, નવા વાડજ. **ચિત્ર સ્પર્ધા** (૧) સુહાગીયા આકાશ અરવિંદભાઈ, હિરાવાડી (૨) ભાવસાર રૂપેશ રાજબહાદુર, નવા વાડજ(૩) ભાવસાર ચિંતન પંકજકુમાર, વાડજ અને પટેલ નિકુંજ બેચરભાઈ, ઉમેદપુરા (ઈડર) **વકૃત્વ સ્પર્ધા** (૧) ચૌધરી મિત્તલ ભરતભાઈ, બાલવા(૨) ત્રિવેદી હર્ષિલ પંકજભાઈ, જીવરાજપાર્ક (૩) પટેલ યશ પંકજભાઈ, વિસનગર. **કીર્તન અંતાક્ષરી** (૧)ભાવસાર જૈમીન મહેશભાઈ, વિસનગર અને ભાવસાર ધવલ નવિનભાઈ, વિસનગર (૨) સોની પ્રતિકકુમાર ગીરીશભાઈ, સાણંદ અને પટેલ ભાવિન ઈશ્વરભાઈ, ચાંદખેડા. (૩) રીબડીયા ઋષાંગ અશોકભાઈ, બાપુનગર અને દેસાઈ અંકિત વિનુભાઈ, બાપુનગર.

વિભાગ -બ- તા.૧૦-૦૫-૦૫, બહેનો

સ્લો સાઇકલ (૧)ઠક્કર મોનાલી રમેશભાઈ, નરોડા(૨) પટેલ પ્રિયાંશી નિલેશભાઈ, નારણપુરા (૩) પટેલ રિષ્ઠિ કનુભાઈ, વાડજ. **થ્રો બોલ (ગોળા ફેંક)** (૧) સોની પૂજા પ્રવિણભાઈ, નારણપુરા (૨) ઠક્કર મોનાલી રમેશચંદ્ર, નરોડા (૩)પટેલ શ્રધ્ધા કાંતીભાઈ, બાપુનગર. **ફુગ્ગાફોડ** (૧) પટેલ વૈશાલી, જીવરાજપાર્ક (૨)દેસાઇ સ્નેહા રમેશભાઈ, બાપુનગર. (૩) પટેલ મૃણાલી, નારણપુરા. **ચિત્ર સ્પર્ધા** (૧) ઠક્કર મોનાલી રમેશચંદ્ર, નરોડા (૨)ઠક્કર માનસી દુષ્યંતભાઈ, જીવરાજપાર્ક (૩) ચૂડગર રિતુ મિલનભાઈ, નારણપુરા. **વકૃત્વ સ્પર્ધા** (૧)ઠક્કર સેજલ નવીનભાઈ, જીવરાજપાર્ક (૨) ઠક્કર શિવાની રજનીભાઈ, જીવરાજપાર્ક (૩) ભાવસાર પ્રિયંકા રોહિતભાઈ, વિસનગર. **કીર્તન અંતાક્ષરી** (૧)ઠક્કર માનસી, જીવરાજપાર્ક (૨) બુહા દિપાલી બટુકભાઈ, બાપુનગર અને ગોહિલ દિવ્યા અનિલભાઈ, બાપુનગર (૩) સોની શિખા યોગેશભાઈ, વાડજ અને પંચાલ રિપલ નંદલાલ, વાડજ.

સત્સંગ સમાચાર

અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં રામનવમીના શ્રીહરિ પ્રાકટયોત્સવ પ્રસંગે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી નરનારાયણ દેવ યુવક મંડળ કાલુપુર તરફથી સમૈયામાં દર્શનાર્થે આવેલ હરિભક્તોને સવારે ૯-૩૦ થી ૩-૦૦ વાગ્યા સુધી ઠંડી છાશ નું વિતરણ કર્યું હતું. અને રાત્રે ૮ થી ૧૦ કીર્તન ભક્તિનો સુંદર કાર્યક્રમ કરેલ. જે પ્રસંગે શ્રીહરિના ત્રણે અપર સ્વરૂપો સભામાં પધાર્યા હતા. અને પ્રસંગને માણીને સૌ ભક્તો પર અતિ પ્રસન્ન થયા હતા. સભા સંચાલન શ્રી નિતિનભાઈ સોનીએ કર્યું હતું. *(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, કાળુપુર)*

ઉપનયન સંસ્કાર પ્રસંગે કાંકરિયા મંદિરમાં બ્લડ ડોનેશન કેમ્પ

શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા રામબાગ ખાતે પ.પૂ. લાલજી મહારાજશ્રીના ઉપનયન સંસ્કાર પ્રસંગે બાલસ્વરૂપ કષ્ટભંજન દેવના શુભ સાનિધ્યમાં તા. ૨૧-૫-૨૦૦૫ ને શનિવારે સાંજે ૭ થી ૧૦ બ્લડ ડોનેશન કેમ્પ ડો. રમેશભાઈ પરીખ અને અન્ય ડોકટરોની મદદથી યોજવામાં આવેલ. ત્યાં મહિનાના દર ત્રીજા શનિવારે બ્લડ ડોનેશન કેમ્પ યોજાશે.

(કોઠારી આનંદ સ્વામી)

મથુરા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પાટોત્સવ ઉજવાયો

શ્રીહરિના દિવ્ય કુળ ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીના સહ પરિવારની આજ્ઞા આશીર્વાદથી અત્રે મંદિરમાં શ્રી રાધાકૃષ્ણ દેવનો ૧૬ મો પાટોત્સવ પ.ભ.ઈશ્વરભાઈ અમૃતલાલ મહેતા (કટક ઓરિસ્સા) ના યજમાન પદે ઉજવાયો હતો. આ પ્રસંગે ઠાકોરજીનો મહાભિષેક, છપ્પનભોગ અન્નકૂટ દર્શન તેમજ મહાપૂજાનો કાર્યક્રમ રાખેલ. પૂજાવિધિ પૂજારી સ્વામીએ કરી હતી. સૌ દર્શનાર્થી દર્શન કરી અતિ ધન્ય બન્યા હતા. *(પૂજારી સ્વામી)*

સાબલવાડ (ઈડરદેશ)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને ઈડર મંદિરના મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીની પ્રેરણાથી સાબલવાડ સેવા સહકારી મંડળી અને સાબલવાડ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.નો સુવર્ણ રજત જયંતી સમારોહ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સાંનિધ્યમાં ઉજવાયો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ દિપ પ્રગટાવીને કાર્યક્રમને ખુલ્લો મૂક્યો હતો. પ્રાસંગિક સભામાં શ્રી નરનારાયણ દેવ યુવક મંડળના યુવાનોએ 'ગુરુમંત્ર' વિશે સુંદર ઉદ્‌બોધન કર્યુ હતું. છેલ્લે પ.પૂ. ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીએ શિક્ષાપત્રીની અક્ષરઃસહ આજ્ઞાનું પાલન થાય તો જીવનમાં કાંઈ ઉપાધિ ન આવે તે પર વાત કરીને રૂડા આશીર્વાદ આપ્યા હતા. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સુંદર સેવા બજાવી હતી. *(હસમુખ પટેલ શ્રી ન.ના.યુવક મંડળ)*

નવા વાડજ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી અત્રે શ્રી ઘનશ્યામ મહારાજના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે તા.૧૩-૪-૦૫ ના દિવસે સવારે શ્રી ઠાકોરજીનો અભિષેક, પૂજન-અર્ચન શાસ્ત્રોક્ત વિધિથી શાસ્ત્રી ગોપાલભાઈએ કરેલ. પાટોત્સવના મુખ્ય યજમાન પ.ભ. અનિલભાઈ રતિલાલ સોની પરિવારે સેવાનો લાભ લઈ શ્રી ઘનશ્યામ મહારાજની આરતી ઉતારી હતી.

વધુમાં અત્રે પાંચ દિવસની રાત્રિ પારાયણ નું આયોજન કરેલ હતુ. જેમાં શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી સ્વામી, મહંતશ્રી, કાળુપુર, પૂજ્ય શાસ્ત્રી સ્વામી પુરુષોતમપ્રકાશદાસજી, ઘનશ્યામ સ્વામી, પ્રેમસ્વરૂપ સ્વામી, રામસ્વામી આદિ સંતોની કથા રૂપી વાણીનો અલભ્ય લાભ સર્વે હરિભક્તોએ લીધો હતો. શિક્ષાપત્રી નિયમ, ધ્યાન-દર્શન, શ્રીહરિ લીલા ચરિત્ર-ઉપદેશ, ધર્મકુળ મહિમા અને નામ ધર્માદાનું મહત્વ આદિ પર સમજણપુરી પાડી હતી.

(પ્રતિ. શંભુભાઈ હીરજીભાઈ પટેલ)

શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા લુણાવાડામાં યોજાયેલ સત્સંગ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી નરનારાયણ દેવ યુવક મંડળ દ્વારા તા. ૭-૫-૦૫ ને રાત્રે ૯ થી ૧૨ સત્સંગ નું આયોજન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે વિસનગરથી પ.ભ.ઉદયનભાઈ મહારાજા અને યુવક મંડળે સભામાં નંદ સંતો રચિત કીર્તનોની રમઝટ બોલાવી હતી. પ.ભ.ઉદયનભાઈએ સર્વોપરિ સંપ્રદાય અને સર્વોપરિ શ્રીજી મહારાજ અને સર્વોપરિ ધર્મવંશીની નિયમ નિશ્ચય અને પક્ષની ઉદાહરણ સાથે સરળ સચોટ ભાષામાં સમજણ આપીને સૌને સુંદર લાભ આપ્યો હતો. *(રાકેશભાઈ પટેલ)*

લવારપુર (જી. ગાંધીનગર) શ્રી સ્વામિનારાયણ મંદિરનો દશાબ્દી મહોત્સવ ધામધુમથી ઉજવાયો

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની અલૌકિક કૃપાથી અને પ.પૂ. મોટા મહારાજશ્રી તથા શ્રી નરનારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞા આશીર્વાદથીઅને લવારપુર ગામના સમસ્ત હરિભક્તોના સાથ સહકારથી તા. ૧૩-૪-૨૦૦૫ ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિરનો દશાબ્દી મહોત્સવ ધામધુમથી સંપન્ન થયો હતો. આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૯-૪-૦૫ થી તા. ૧૩-૦૫-૦૫ પર્યન્ત શ્રીમદ્ ભાગવત દશમ્ સ્કંધ પારાયણ સ.ગુ. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (મહંતશ્રી, નારાયણઘાટ) ના વક્તાપદે થઈ હતી. હરિભક્તો ભાઈ-બહેનો આબાલ-વૃધ્ધ સૌ કથા રસથી તન્મય થઈ ગયા હતા. તા. ૧૩-૦૫-૦૫ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા ત્યારે ગામના હરિભક્તોએ અભૂતપૂર્વ સ્વાગત સામૈયું કરીને પ.પૂ.મહારાજશ્રીને વધાવ્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ મંદિરમાં ઠાકોરજીની દશાબ્દી મહોત્સવની આરતી ઉતારીને સૌને અલૌકિક દર્શનનો લાભ આપ્યો હતો. ત્યાર બાદ કથાની પૂર્ણાહૂતિની આરતી ઉતારીને સભામાં વિરાજમાન થયા હતા. સંતોની પ્રેરક વાણી બાદ સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા હતા.

(કોઠારી રણછોડભાઈ પટેલ)

સાકોદરા મંદિર (ધોળકા દેશ)

ધોળકા દેશના શ્રી મોરલી મનોહર દેવ તાબાના સાકોદરા ગામે પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી પાટોત્સવ પ્રસંગે તા. ૫-૫-૦૫ ના રાત્રે ૯ થી ૨ પ.ભ.શ્રી જયેશભાઈ સોની અને શ્રી નરનારાયણ દેવ યુવક મંડળ દ્વારા કીર્તન ભક્તિનો કાર્યક્રમ યોજવામાં આવેલ. આ પ્રસંગે અમદાવાદ મંદિરથી સ.ગુ.શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી, સ્વામી ધર્મજીવનદાસજી અને સંતો એ પધારીને કથારૂપી પ્રવચન કરીને સૌને સુંદર લાભ આપેલ. સાકોદરા ગામના ભાવિકો કીર્તન ભક્તિનો આસ્વાદ અને સંતોની પ્રેરક વાણી નો લાભ માણીને ધન્ય બની ગયા.

(લાલજીભાઈ કાળુભાઈ પટેલ)

મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

મૂળી મંદિરમાં પ.પૂ. મોટા મહારાજશ્રી દર્શનાર્થે પધાર્યા

મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના દર્શનાર્થે પ.પૂ.મોટા મહારાજશ્રી સંત-પાર્ષદ મંડળ સાથે પધાર્યા હતા. મૂળી મંદિરના મહંત સ્વામી પૂ. લક્ષ્મીપ્રસાદદાસજી, પૂ. સ્વામી બાલકૃષ્ણદાસજી આદિ નાના મોટા સંતોએ અને હરિભક્તોએ પ.પૂ. મોટા મહારાજશ્રીનું હારતોરા પૂજન કરી સ્વાગત સામૈયું કર્યું હતું. અત્રેના વયોવૃધ્ધ સ્વામી ગોવિંદપ્રસાદદાસજીની ત્રયોદશા નિમિત્તે શ્રધ્ધાજંલિ સભામાં પધારીને સમસ્ત સભાને આશીર્વાદ આપીને સ્વામીને ભાવભીની શ્રધ્ધાંજલિ અર્પી હતી. તેમના શિષ્ય સ્વામી જયપ્રકાશદાસજીએ તેમના ગુરુના અંતિમ સંકલ્પ મુજબ સર્વોપરિ શ્રીહરિની પ્રસાદીની ઘણી અમૂલ્ય અલૌકિક વસ્તુઓ પ.પૂ.આચાર્ય મહારાજશ્રીને " શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ" માટે અર્પણ કરી હતી. ખરેખર આવા સંતને લાખ લાખ વંદન. પ.પૂ. મોટા મહારાજશ્રી તેમના પર અતિ રાજી થઈ રૂડા આશીર્વાદ આપ્યા હતા. ત્યાર બાદ પ.પૂ. મહારાજશ્રી બિમાર સંત રામસ્વામીની ખબર અંતર પૂછવા ઈસ્પિતાલના મેડે પધાર્યા હતા. અને સ્વામીને પ્રસાદીનું જળ પોતાના શુભ હસ્તે આચમન કરાવીને આશીર્વાદ આપ્યા હતા.

(મહંત સાધુ નરેન્દ્રપ્રસાદદાસ)

સુરેન્દ્રનગર મંદિરમાં વાર્ષિક પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા મહંત સ્વામી પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી અત્રે મંદિરનો વાર્ષિક પાટોત્સવ તા. ૨૨-૪-૦૫ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ સાંનિધ્યમાં ધામધુમથી ઉજવાયો હતો. આ પ્રસંગે મહાભિષેક, અન્નકૂટ અને શ્રીહરિયાગનું આયોજન કરવામાં આવ્યું હતું. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ ઠાકોરજીની આરતી ઉતારીને નિજમંદિરનું નિરિક્ષણ કરીને અતિ રાજી થયા હતા. સમગ્ર પ્રસંગની વ્યવસ્થા શા. સ્વામી પ્રેમવલ્લભદાસજી તથા શાસ્ત્રી સત્યસ્વરૂપદાસજી એ કરી હતી.

ચૈત્ર સુદ-૯ શ્રીહરિ જયંતી રામનવમીને તા. ૧૮-૪-૦૫ ના રોજ અત્રે મંદિરમાં સવારે સમૂહ મહાપૂજા,

અખંડધૂન તેમજ રામ જન્મોત્સવ આરતી અને સાંજે ભવ્ય શોભાયાત્રા શણગારેલ વાહનમાં કાઢવામાં આવી હતી. રાત્રે ૧૦-૧૦ કલાકે પ્રાકટ્યોત્સવ આરતી ધામધુમથી ઉજવાઈ હતી.

(શૈલેન્દ્રસિંહ ઝાલા)

ચરાડવા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સત્સંગ સભા અને શ્રીહરિ પ્રાકટ્યોત્સવ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી શ્રી નરનારાયણ દેવ યુવક મંડળ દ્વારા તા. ૨૩-૩-૦૫ના શ્રી નાગરભાઈને ત્યાં સત્સંગ ૨૦-૪-૦૫ના ઠક્કર અમૃતભાઈને ત્યાં તા. ૧૮-૪-૦૫ના ચાવડા લાલજીભાઈને ત્યાં સભા રાખવામાં આવી હતી. અત્રે મંદિરથી રામનવમી-શ્રીહરિ પ્રાકટ્યોત્સવ પ્રસંગે ગામમાં નગર યાત્રા ધામધુમથી કીર્તનોની રમઝટ સાથે કાઢવામાં આવી હતી. રાત્રે ૧૦-૧૦ શ્રી બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજનો પ્રાકટ્ય ઉત્સવ ધામધુમથી ઉજવ્યો હતો. મંદિરના મહંત સ્વામી જિષ્ણુચરણદાસજીની પ્રેરણાથી સત્સંગ સભામાં કથા-વાર્તા અને કીર્તન ભક્તિના સરસ કાર્યક્રમ યોજાય છે. *(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, ચંદુલાલ જી. ચાવડા)*

વિદેશ સત્સંગ સમાચાર

મિડવેસ્ટ શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો (I.S.S.O.)

સર્વોપરિ શ્રીજી મહારાજની કૃપાથી અને પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ આજ્ઞા-આશીર્વાદથી અને મહંત સ્વામી ધર્મવલ્લભદાસજીની પ્રેરણાથી તા. ૨૬-૩-૦૫ના મંદિરમાં સર્વોપરિ શ્રી નરનારાયણ દેવને રંગબેરંગી હિંડોળામાં પધરાવી ફુલદોલોત્સવની આરતી ઉતારીને સૌને દિવ્ય દર્શન કરાવ્યા હતા. ભાઈઓ અને બહેનોએ ઠાકોરજીને ઝુલાવવાનો સુંદર લાભ લીધો હતો અને અબીલ-ગુલાલના છાંટણા નાખીને આનંદ માણ્યો હતો. યુવા હરિભક્તોએ હોળીના કીર્તનો ગાઈને ઉત્સવ મનાવ્યો હતો. શા. સ્વામી ધર્મવલ્લભદાસજીએ સર્વોપરિ શ્રી નરનારાયણ દેવના માહાત્મયની કથા કરીને સૌને સમજણ આપી હતી. આમ અત્રે શ્રી નરનારાયણ દેવ જયંતી ધામધુમથી ઉજવવામાં આવી હતી.

(પ્રવિણ ભગત - નાના ભગત)

સીડની (I.S.S.O ઓસ્ટ્રેલીયા) શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે આપણા સીડની શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી સત્સંગ પ્રવૃત્તિ સુંદર થાય છે. તા. ૬-૩-૦૫ ના પ.ભ. મહેશભાઈ ત્રિવેદીએ ગીતાપાઠથી શરૂઆત કરાવી હતી. તા. ૧૩-૩-૦૫ની સભા પ.ભ. ખીમજીભાઈ તથા મેફાની પરિવાર તરફથી રાખવામાં આવી હતી. તા. ૧૯-૩-૦૫ના ભૂજના આપણા સંતોએ વચનામૃત ઉપર વિવેચન કર્યું હતું. તા. ૨૦-૩-૦૫ ની I.S.S.O. યુથ વિંગની શરૂઆત કરવામાં આવી હતી. આજની સભા શ્રી હિતેશભાઈ તરફથી રાખવામાં આવી હતી. તા. ૨૭-૩-૦૫ ની સભા પ.ભ. જયેશભાઈ સોની અને વીણાબેન તરફથી રાખવામાં આવી હતી. તા. ૩-૪-૦૫ ના રોજ સમસ્ત I.S.S.O. ના હરિભક્તો તરફથી સભા યોજવામાં આવી હતી.

તા. ૧૭-૪-૦૫ ના આપણા મંદિરમાં રામનવમી ના રોજ બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજના જન્મોત્સવ પ્રસંગે સવારે ૯ થી સાંજના ૫-૦૦ સુધી અખંડ શ્રી સ્વામિનારાયણ મંત્રજાપ કરવામાં આવેલ. આ પ્રસંગે અનેક સંસ્થાઓ જેમ કે વૈષ્ણવસંઘ, પેરામેટા ભજન મંડળી, બ્રાહ્મણ સમાજ, શ્રી શિવ મંદિર અને આનંદભાઈ ગ્રુપ મંદિર ના સભ્યો અને વિશાળ સંખ્યામાં હરિભક્તો જોડાયા હતા. સાંજે ૫-૦૦ થી ૬-૩૦ I.S.S.O. ના યુવાન હરિભક્તોએ ભજન કીર્તન અને પ્રવચનમાળા સુંદર રીતે રજુ કર્યા હતા. જેના મુખ્ય યજમાન શ્રી વિષ્ણુભાઈ વાઘજીયાણી અને શ્રી અરૂણભાઈ શાહ હતા.

બપોરે ૧૨ શ્રી રામ જન્મોત્સવ આરતી અને સાંજે ૬-૩૦ થી ૯ મહાપૂજાનું આયોજન કરવામાં આવેલ. જેમાં ઘણાં હરિભક્તોએ લાભ લીધો હતો. મહાપૂજાની પૂર્ણાહુતિ બાદ કીર્તન ભક્તિની રમઝટ બોલાવી હતી. રાત્રે ૧૦-૧૦ કલાકે સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પ્રાકટ્યની આરતી ઉતારવામાં આવી હતી. બાલ પ્રભુને પારણામાં ઝુલાવવાનો આનંદ માણતા સૌ ભક્તજનો પ્રભુમાં તન્મય બની ગયા હતા. ખરેખર આ ક્ષણ-સમય અતિ ભવ્ય હતો ! અસંખ્ય હરિભક્તો દર્શનમાં જોડાયા હતા.

શ્રી હનુમાન જયંતી ઉત્સવ

આપણા સીડની મંદિરમાં શ્રી હનુમાન જયંતી પ્રસંગે સવારે ૧૧-૦૦ કલાકે શ્રી હનુમાનજીનું પૂજન-હવન સાથે પ્રારંભ થયો હતો. I.S.S.O. મંડળે શ્રી હનુમાન ચાલીસાના ૫૧ પાઠ કર્યા હતા. શ્રી અમૃતભાઈ ભટ્ટે શ્રી હનુમાનજીનું માહાત્મય કહ્યું હતું. આ ઉત્સવના મુખ્ય યજમાન શ્રી અર્જુનભાઈ મહેતા, શ્રી તનસુખભાઈ, શ્રી તુષારભાઈ ભટ્ટ, શ્રી રામકૃષ્ણ ત્રિવેદી અને અ.નિ. દિપકભાઈ અમરસિંહ પરિવાર રહ્યા હતા. સૌએ સાથે શ્રીહનુમાન સ્ત્રોત્ર ગાઈને આરતી ઉતારી હતી. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો.

તા. ૬-૩-૦૫ ની સભા શ્રીમતિ ચિત્રાબેન અને તા. ૨૦-૩-૦૫ શ્રી હિતેશભાઈ થાનકી પરિવાર, તા. ૩-૪-૦૫ પ.ભ. સુરજભાઈ વાધજીયાણી, પ.ભ. ધનસુખભાઈ, તા. ૧૦-૪-૦૫ ના શ્રી જદુભાઈ (રામપર), તા. ૩૦-૪-૦૫ શ્રી મુકેશભાઈ પંડયા દ્વારા પ્રાર્થના. આમ આ રીતે આપણા સીડની મંદિરમાં વિવિધ ઉત્સવોમાં હરિભક્તોએ દર્શન કરીને ધન્યતા અનુભવી હતી.

(બિરેન જે. દેસાઈ)

હ્યુસ્ટન શ્રી સ્વામિનારાયણ મંદિરનો પાટોત્સવ ધામધુમથી

પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને મંદિરના મહંત સ્વામી સ.ગુ. વિશ્વપ્રકાશદાસજી (લાલોડા, અમદાવાદ) ની પ્રેરણાથી આપણા હ્યુસ્ટન મંદિરમાં શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો પંચમ પાટોત્સવ તા. ૧૩-૩-૦૫ ને રવિવારના રોજ ધામધુમથી સંપન્ન થયો હતો. જેના મુખ્ય યજમાનો ડો. કામીનીબેન શૈલેષકુમાર મજમુદાર, મહાભિષેકના મુખ્ય યજમાન શ્રી વિમલભાઈ અને કિર્તીબેન પારેખ, મહાપૂજાના મુખ્ય યજમાન ભરતભાઈ અને બેલાબેન પટેલ, છપ્પન ભોગના મુખ્ય યજમાન રૂપલબેન મનીષકુમાર પટેલ (ડલાસ) આદિ યજમાન હરિભક્તોએ આવો અલભ્ય લાભ લઈ કૃતાર્થ થયા હતા. પ્રાસંગિક સભામાં સ્વામી વિશ્વપ્રકાશદાસજીએ પાટોત્સવનો મહિમા સમજાવ્યો હતો. પાટોત્સવની સેવામાં પ્રમુખશ્રી દેવેન્દ્રભાઈ પટેલ તથા કારોબારી અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળે ખૂબ જ શ્રધ્ધા ભાવનાથી સેવા કરીને શ્રીહરિકૃષ્ણ મહારાજને રાજી કર્યા હતા. અત્રે પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીની કૃપા-આશિષથી સત્સંગ સુંદર ચાલે છે.

(સેક્રેટરી શ્રી રમેશભાઈ પટેલ)

બુવી મેરીલેન્ડ (વોશિંગ્ટન I.S.S.O. ચેપ્ટર)

અત્રે ૨૩ એપ્રિલને શનિવારે સાંજે ૨-૩૦ કલાક સત્સંગ સભા ચાલી હતી. જેમાં હરિભક્તો દ્વારા કથા-વાર્તા-ભજન-કીર્તન અને નિત્ય નિયમ અને મહામંત્ર ધૂન કરવામાં આવી હતી. હરિભક્તોએ મોટી સંખ્યામાં લાભ લઈ પ્રસંગને માણ્યો હતો. *(કનુભાઈ પટેલ)*

આપણા સંપ્રદાયનું ગૌરવ

નવા વાડજના પ.ભ. પ્રો. રમેશભાઈ જે. કોરિયાના સુપુત્ર જતિનકુમાર રમેશચંદ્ર કોરિયા માસ્ટર ઓફ ઈનફોરમેશન ટેકનોલોજી, ગ્રીફીથ યુનિવર્સિટી, ઓસ્ટ્રેલિયામાં પ્રથમ નંબર મેળવી એવોર્ડ મેળવેલ છે. અને તેમને સારામાં સારી જોબ પણ મળી છે. ધન્યવાદ.

ષષ્ઠી પૂર્તિ મહોત્સવમાં અને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં સેવા નોંધાવેલ હરિભક્તો જોગ

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના ષષ્ઠી પૂર્તિ મહોત્સવમાં અને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં ઘણા સેવા ભાવિ નિષ્ઠાવાન હરિભક્તોએ સેવા નોંધાવેલ. પરંતુ સંજોગવશાત્ ઘણા સેવા નોંધાવનાર હરિભક્તોની સેવા આવવાની બાકી છે. તેમજ શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમમાં પણ ઘણા ભાવિક શ્રધ્ધાળુ હરિભક્તોએ સેવા નોંધાવી છે. હાલ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનું કામ પુરજોશમાં ચાલે છે. જેથી દરેક ભક્તોએ પોતાની સેવા વહેલાસર યાદ કરીને અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં રોકડા, ચેક અથવા ડ્રાફટના રૂપમાં ભરીને પાવતી મેળવી લેવી.

મહંત સ્વામી, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ.

આપણા વ્રતોત્સવો (તા. ૭-૭-૨૦૦૫ થી ૧૯-૮-૨૦૦૫)

અષાઢ સુદ

તિથિ	વાર	તા.	શુભાશુભ યોગો અને તહેવારો
૧	ગુરુ	૭	હાલારી કચ્છી સંવત્સર આરંભ, ગુરુપુષ્યમૃતયોગ સાંજે ૭ શરૂ.
૨	શુક્ર	૮	શ્રીહરિ-ઠાકોરજીને રથમાં બેસાડવા અને પુષ્ય નક્ષત્ર હોવાથી રથયાત્રા મહોત્સવ.
૪	રવિ	૧૦	અયોધ્યા સ્વામિનારાયણ મંદિરનો પ્રતિષ્ઠોત્સવ.
૯	શનિ	૧૬	શ્રી સ્વામિનારાયણ જયંતી.
૧૧/૧૨	સોમ	૧૮	દેવશયની એકાદશી ઉપવાસ, ચાતુર્માસ-નિયમ ગ્રહણ કરવા.
૧૫	ગુરુ	૨૧	મુકુટોત્સવ પૂનમ, ગુરુપૂર્ણિમા અમદાવાદ કાલુપુર મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન, જેતલપુર મંદિરમાં સમૈયો, જયપુર (રાજ.) સ્વામિનારાયણ મંદિરનો પ્રતિષ્ઠોત્સવ.

અષાઢ વદ

૨/૩	શનિ	૨૩	શ્રીહરિ બાલમુકુન્દજીને હિંડોળે ઝુલાવવા, પંચક બેસે સવારે ૮-૦૦, જયાપાર્વતી વ્રત સમાપ્ત, ત્રીજનો ક્ષય છે.
૧૦	શનિ	૩૦	પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રીવ્રજેન્દ્રપ્રસાદજી મહારાજનો પ્રાકટ્યોત્સવ (સં. ૨૦૫૩ અમદાવાદ શ્રી નરનારાયણદેવ સંસ્થાન), વચનામૃત લેખન સમાપ્ત.
૧૧	રવિ	૩૧	કામિકા એકાદશી ઉપવાસ.
૩૦	શુક્ર	૫	દર્શ-૩૦ અમાવાસ્યા, દિવાસો.

શ્રાવણ સુદ

૧	શનિ	૬	શ્રી શિવપૂજન આરંભ.
૬	ગુરુ	૧૧	પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજનો જન્મોત્સવ (શ્રીલક્ષ્મીનારાયણ દેવ સંસ્થાન વડતાલ), ધ્રાંગધ્રા નરસીપરા મંદિર બાળ સ્વરૂપ ઘનશ્યામ મહારાજનો પાટો.
૮	શનિ	૧૩	દુર્ગાષ્ટમી, વિછુંડો બેસે બપોરે ૨-૨૬, પાંડેશ્રી રામપ્રતાપજી મહારાજનો જન્મ (સં. ૧૮૧૮) દેહોત્સર્ગ (સં. ૧૮૯૯ અમદાવાદ,) દિલ્હી સ્વામિનારાયણ મંદિરનો પ્રતિષ્ઠોત્સવ (સં. ૨૦૪૯).
૯	રવિ	૧૪	શ્રી સ્વામિનારાયણ જયંતી.
૧૦	સોમ	૧૫	સ્વાતંત્રદિન
૧૧	મંગળ	૧૬	પુત્રદા પવિત્રા એકાદશી ઉપવાસ, શ્રીહરિ-ઠાકોરજીને પવિત્રાં ધરાવવાં.
૧૫	શુક્ર	૧૯	મુકુટોત્સવ પૂનમ, શ્રાવણી, રક્ષાબંધન, બળેવ, નાળિયેરી પૂનમ.

શ્રી ઠાકોરજીને થાળ તથા સંતોને રસોઈ ની યાદી

ફાગણ સુદી-૨ પ.ભ. પટેલ સરોજબેન વિષ્ણુભાઈ, તેજપુરા. પ.ભ. રામબાઈ જોયતનદાસ પટેલ, મોટપ. **સુદી-૩** શ્રી નરનારાયણદેવના પાટોત્સવ નિમિત્તે (હ. પ.ભ. વિઠ્ઠલદાસ ખોડીદાસ ડાભી). **સુદી-૬** પ.ભ. લાલજીભાઈ જીણાભાઈ રત્ના, બળદીયા (કચ્છ). **સુદી-૧૦** ડેટ્રોઇટ (અમેરિકા) શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે (હ. ડૉ. મનોજભાઈ બ્રહ્મભટ્ટ). **સુદી-૧૪** શા.સ્વા. આનંદજીવનદાસજી (હિંમતનગર મહંત સ્વામી). પ.ભ. સુરેન્દ્રભાઈ પટેલ (વિશાલા વાળા), અમદાવાદ. **સુદી-૧૫** પ.ભ. રૂક્ષ્મણીબેન ગિરધરલાલ ગજજર (હ. વાસુદેવભાઈ ગજજર), અમદાવાદ. પ.ભ વાલબાઈ કરશનભાઈ. **ફાગણ વદી-૨** પ.ભ. જીવીબેન છોટાભાઈ પટેલ. **વદી-૬** અ.નિ. પ.ભ. નારાયણભાઈ પટેલ. **વદી-૭** અ.નિ. શા.સ્વા. રામચરણદાસજી. **વદી-૯** પ.ભ. રમેશભાઈ ભક્તિદાસ. પ.ભ. પટેલ જતીનભાઈ રમેશભાઈ. પ.ભ.પટેલ મંજુલાબેન રમેશભાઈ. **વદી-૧૨** પ.ભ.જેઠાલાલ જીવીદાસ પટેલ. પ.ભ. સુશીલાબેન રણછોડભાઈ પ્રજાપતિ.

ચૈત્ર સુદી-૧ અ.નિ. પ.ભ. જગજીવનદાસ ડાહ્યાભાઈ પટેલ. **સુદી-૨** પ.ભ. ભીમજી હરજીભાઈ હાલાઈ. શાંતાબેન ભીમજી હાલાઈ **સુદી-૬** પ.ભ. વિનયચંદ્ર ભગવાનદાસ (હ. હરિસ્વરૂપદાસ સ્વામી). **સુદી-૭** પ.ભ. મીનાબેન પ્રવિણભાઈ પટેલ. **સુદી-૮** પ.ભ. નટવરભાઈ શામળભાઈ પટેલ. પ.ભ. ઈશ્વરભાઈ હીરજીભાઈ પૂંજાણી. **સુદી-૧૨** પ.ભ. જગદીશચંદ્ર અંબાલાલ સોની. **સુદી-૧૫** પ.ભ. રૂક્ષ્મણિબેન ગીરધરલાલ ગજજર (હ. પ.ભ. વાસુદેવભાઈ ગજજર), અમદાવાદ. **ચૈત્ર વદી-૩** પ.પૂ. મોટા મહારાજશ્રીના પ્રાકટ્યદિન પ્રસંગે (કા. સ્વા. મંદિર). **વદી-૬** પ.ભ. કૃષ્ણકાન્તભાઈ શામજીભાઈ પટેલ. **વદી-૮** પ.ભ. હિરાબેન જેસંગભાઈ પટેલ. **વદી-૧૨** અ.નિ. કાનબાઈ રામજીભાઈ, સુરજપર (કચ્છ). પ.ભ. જોઈતાભાઈ કુબેરભાઈ ચૌધરી, આનંદપુર-વેડા.

શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

૧૦૧-૦૦ પ.ભ.	ચેતનકુમાર મનુભાઈ લગ્ન પ્રસંગે	આનંદપુરા
૧૦૧-૦૦ પ.ભ.	શકરાભાઈ શિવાભાઈ પટેલ સીટી પ્લસ સ્કુટર લીધું તે નિમિત્તે	ખેરોલ
૧૦૧-૦૦ પ.ભ.	ગોપાળભાઈ સોમનાથ નવું કામ મળ્યું તે નિમિત્તે	કુંડાલ
૧૦૦-૦૦ પ.ભ.	મોરી જયવદન ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે	કાલીયાણા
૧૫૧-૦૦ પ.ભ.	હેતલ મૌલિક મફતલાલ પટેલના શુભ લગ્ન પ્રસંગે	(ન્યુયોર્ક) માણેકપુર
૧૫૧-૦૦ પ.ભ.	હર્ષિત દવે હરિકૃપાથી કેનેડામાં સારી જોબ મળી તે નિમિત્તે	અમદાવાદ
૧૫૦-૦૦ પ.ભ.	પરેશભાઈ રમણલાલ પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૨૧-૦૦ પ.ભ.	એ. એમ. છનીયારા મકાનના વાસ્તુ પ્રસંગે	અમદાવાદ
૧૦૧-૦૦ પ.ભ.	ડાહ્યાભાઈ સાંકાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	લાલોડા
૧૦૧-૦૦ પ.ભ.	પુષ્પાબેન કુબેરદાસ દેસાઈ વર્ષગાંઠ નિમિત્તે	વસ્ત્રાપુર
૧૦૧-૦૦ પ.ભ.	મેહુલકુમાર શશીકાંત દેસાઈ વર્ષગાંઠ નિમિત્તે	વસ્ત્રાપુર
૧૦૧-૦૦ પ.ભ.	નિતાબેન આર. પરીખ વર્ષગાંઠ નિમિત્તે	દહીંસર (મુંબઈ)
૧૦૦-૦૦ અંકિત	રમેશભાઈ પટેલ ઓટો ડ્રાફ્ટમેન પાસ થયા તે નિમિત્તે	લક્ષ્મણપુરાવાળા
૧૦૧-૦૦ પ.ભ.	મંજુલાબેન તથા રાજુભાઈ અમૃતભાઈ ભાવસારના જન્મદિવસ નિમિત્તે	નવાવાડજ
૧૦૧-૦૦ પ.ભ.	ચાર્મીબેન આર. પરીખ વર્ષગાંઠ નિમિત્તે	કાંદીવલી (મુંબઈ)
૧૦૧-૦૦ પ.ભ.	ગીરીશભાઈ હિરાભાઈ પટેલ મારુતી ઝેન ગાડી લાવ્યા તે નિમિત્તે	ડેમાઈ
૧૫૧-૦૦ પ.ભ.	પંકજભાઈ દયારામભાઈ ઠક્કર નવી મારુતી અલ્ટ્રા લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૫૧-૦૦ પ.ભ.	પંકજભાઈ દયારામભાઈ ઠક્કર ચિ. પંકિલની સગાઈ ચિ. ભાવિકા સાથે કરી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ પ.ભ.	વિકેનભાઈ કાંતિલાલ પટેલ નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે	અમદાવાદ
૨૩૧-૦૦ પ.ભ.	જીતેન્દ્ર ભોગીલાલ ભાવસાર વર્ષગાંઠ નિમિત્તે	(હાલ ન્યુજર્સી) આંબલીયાસણવાળા
૨૦૧-૦૦ પ.ભ.	અ.નિ. પુષ્પાબેન પ્રવિણભાઈ પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે	સુરત
૧૦૧-૦૦ પ.ભ.	જે. જે. ભાવસાર શ્રીજી પ્રસન્નાર્થે હ. શ્રી હરિકૃષ્ણભાઈ	અમદાવાદ
૧૦૧-૦૦ પ.ભ.	અરવિંદભાઈ પટેલ જન્મદિવસ નિમિત્તે	ઉવારસદવાળા
૨૦૦-૦૦ પ.ભ.	ભૂપેન્દ્રકુમાર રામાભાઈ પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે	પરઢોલવાળા (નરોડા)
૧૫૦-૦૦ પ.ભ.	ગીરીશભાઈ રામાભાઈ પટેલ વીમા એજન્ટમાં એક કરોડનું કામ થયું તે નિમિત્તે	પરઢોલવાળા (નરોડા)
૧૦૧-૦૦ પ.ભ.	ચાવડા લાભુબેન તથા લખમણભાઈ પચાણભાઈ રામનવમીની છપેયાની યાત્રા નિમિત્તે	રામપરા
૧૦૧-૦૦ પ.ભ.	ચિમનલાલ મણીલાલ કા. પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	મુંબઈ (મલાડ)
૧૦૧-૦૦ પ.ભ.	બાબુભાઈ ટાંક રોહિશાળા મંદિર રજત જયંતી મહોત્સવ પૂ. મહારાજશ્રીની નિશ્રામાં ધામધુમથી ઉજવાયો તે નિમિત્તે	મીરા રોડ
૫૦૧-૦૦ પ.ભ.	ભરતભાઈ પ્રહલાદભાઈ પટેલ ચિ. ભાવેશના શુભ લગ્ન પ્રસંગે	મોટેરા
૧૦૦-૦૦ પ.ભ.	ગોવિંદભાઈ માધાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	દોલારાણા વાસણા
૧૦૦-૦૦ પ.ભ.	શ્રીકાંત રમણલાલ મોદી નવું બાઈક ખરીદ્યું તે નિમિત્તે	હિંમતનગર
૧૦૧-૦૦ પ.ભ.	પટેલ ઘનશ્યામભાઈ મોતીભાઈ પેન્શન મંજુર થયું તે નિમિત્તે	નાંદોલ
૧૦૧-૦૦ પ.ભ.	ચેતનકુમાર મનુભાઈ લગ્ન પ્રસંગે	આનંદપુરા
૧૫૧-૦૦ પ.ભ.	વિનયકાંત નટવરલાલ ઠક્કર પૂજ્ય મહારાજશ્રીની પધરામણી કરાવી તે નિમિત્તે	બોપલ
૧૦૧-૦૦ પ.ભ.	પટેલ સુરેશભાઈ નાગજીભાઈ લંડનના વિઝા મળ્યા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૦-૦૦	પટેલ ચિરાગ શૈલેષભાઈ (વડુવાળા શ્રધ્ધા કેસેટ કું) ૪થા ધોરણમાં ૮૮%એ પાસ થયા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ પ.ભ.	ભારતીબેન એસ. ત્રિવેદી ઘરે શ્રી હરિકૃષ્ણ મહારાજની ષષ્ઠિ પૂર્તિ પ્રસંગે	અમદાવાદ

૧૦૦-૦૦ પ.ભ.	દયાલજીભાઈ મોતીભાઈ ટાંક ચિ. ચંદ્રિકાબેન અને ચિ. પ્રભાબેનની સગાઈ થઈ તે પ્રસંગ	સુરત
૧૦૧-૦૦ પ.ભ.	માવજીભાઈ મનજીભાઈ રાઠોડ પ.પૂ. લાલજી મહારાજશ્રીના ઉપનયન સંસ્કાર નિમિત્તે	ચાંદલોડીયા
૧૦૧-૦૦ પ.ભ.	શૈલેન્દ્ર જયંતીભાઈ ટાંકને ત્યાં પુત્રરત્ન પિયુષકાંતના જન્મ પ્રસંગે	જીરાગઢ
૧૫૧-૦૦ પ.ભ.	ગજાનંદભાઈના પૌત્ર ચિ. કૃણાલ યોગેશભાઈ જાદવ તથ ચિ. શશાંક પાસ થયા તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ પ.ભ.	મોનાલી ભરતભાઈ પટેલ ધો. ૧૨ સાયન્સમાં પાસ થયા તે નિમિત્તે	વાસણા
૧૦૧-૦૦ પ.ભ.	વિશાલ કનુભાઈ પટેલનું મેડીક્લેઈમ મંજૂર થયું તે નિમિત્તે	નારણપુરા
૧૦૧-૦૦ આનંદ	નરેશભાઈ ઠક્કર શ્રીજી પ્રસન્નાર્થે	કાંકરિયા
૧૦૦-૦૦ પ.ભ.	અમિતકુમાર અરજણભાઈ મોરી નવું ખેતર રાખ્યું તે નિમિત્તે	રામપરા
૧૦૧-૦૦ પ.ભ.	શૈલાબેન પ્રવિણકુમાર પટેલ લગ્ન તિથિ નિમિત્તે	વડાગામ
૧૦૧-૦૦ પ.ભ.	દશરથભાઈ મણીલાલ યજ્ઞોપવિત પ્રસંગે	(વડુવાળા) રાણીપ
૧૦૧-૦૦ પ.ભ.	વિરલ નિલેશભાઈ મીસ્ત્રીના ચિ. શ્રેયાને પગે લગાડી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ પ.ભ.	શાંતિભાઈ વાલજીભાઈ પરમાર ચિ. અલ્પેશ ધો.૧૨માં પાસ થયો તે નિમિત્તે	બળોલ (ભાલ)
૧૦૦-૦૦ પ.ભ.	જીતેન્દ્ર જયંતીલાલ વડોદરીયા વાન લીધી તે નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ પ.ભ.	કેતન પ્રાચી વડોદરીયા લગ્ન તિથિ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ પ.ભ.	અરવિંદકુમાર ઈન્દુલાલ મોદી ચિ. જતીન ધો.૧૨ સાયન્સમાં ૮૩% એ પાસ થયા તે નિમિત્તે	સાબરમતી
૧૦૧-૦૦ પ.ભ.	ભૂપેન્દ્રભાઈ જયંતીલાલ પટેલ નવા મકાનમાં પ્રવેશ નિમિત્તે	અમદાવાદ
૧૦૧-૦૦ ખેર	ચંદુભાઈ રામસંગભાઈ ચિ. અંજલકુમાર ધો.૧૨ સાયન્સમાં ૭૧% એ પાસ થવા નિમિત્તે	દાંતીવાડા
૧૦૧-૦૦ પ.ભ.	પ્રેમીલાબેન બાબુલાલ કચ્છી પટેલ ચિ. પૌત્ર તન્મય મનોજકુમારની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે	મોરબી
૧૦૧-૦૦ પ.ભ.	પ્રેમીલાબેન બાબુલાલ કચ્છી પટેલના પુત્ર હિતેશભાઈને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે	મોરબી
૧૦૧-૦૦ પ.ભ.	અ.નિ. પરસોતમદાસ જીવીદાસ પટેલના સ્મરણાર્થે	માણેકપુર (માણસા)
૧૦૧-૦૦ પ.ભ.	પરેશભાઈ રજનીકાંત કા. પટેલ ચિ. લાલાના જન્મ પ્રસંગે	મલાડ (મુંબઈ)
૧૦૧-૦૦ પ.ભ.	જીતેન્દ્રભાઈ દશરથલાલ કા. પટેલ શ્રીજી પ્રસન્નાર્થે	મલાડ (મુંબઈ)

અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના વયોવૃધ્ધ, તપોવૃધ્ધ, જ્ઞાનવૃધ્ધ પૂજ્ય **સ.ગુ. ગયૈયા સ્વામીશ્રી કેશવજીવનદાસજી** (નારણઘાટ અને સાપાવાડા મંદિરના નિર્માતા) વૈશાખ વદ-૬ને તા. ૨૯-૫-૨૦૦૫ના શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. તેમના અક્ષરવાસથી સંત સમુદાય અને સત્સંગમાં ન પુરાય તેવી ખોટ પડી છે.

લાલોડા (તા. ઈડર) : શ્રી સ્વામિનારાયણ મંદિરના સંત **સ્વામી ચેતનપ્રસાદદાસજી** ગુરૂ સ.ગુ.શા.સ્વા. શ્રી ઘનશ્યામજીવનદાસજી વૈશાખ વદ-૪ના શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિરના વયોવૃધ્ધ સંત **સ.ગુ. સ્વામી રામસ્વરૂપદાસજી** ગુરૂ સ.ગુ. સ્વામી નંદકિશોરદાસજી શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

કુબડથલ (તા. દશક્રોઇ) : પ.ભ.હરિકૃષ્ણભાઈ મણીભાઈ પટેલ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા તા. ૭-૦૫-૦૫ ના રોજ અક્ષરનિવાસી થયા છે.

ખેરોલ (તા. પ્રાંતિજ) : પ.ભ.રાવજીભાઈ જોઈતાભાઈ પટેલના સુપુત્ર કૃણાલ તા. ૨૮-૦૪-૦૫ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

વક્તાપુર(તા. પ્રાંતિજ) : પ.ભ. જસવંતભાઈના પુત્ર પ.ભ. હરેશભાઈ તા. ૩-૦૫-૦૫ના અને પ.ભ.રસિકભાઈના પુત્ર પ.ભ.આશિષ તા. ૩૦-૦૪-૦૫ ના અને પ.ભ. પંકજભાઈના પિતાશ્રી પ.ભ.બાબુભાઈ તા. ૨-૦૫-૦૫ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

લીંબાલા (સાબરકાંઠા) : પ.ભ. કાંતિભાઈના પિતાશ્રી શંકરભાઈ પટેલ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

પોરબંદર : અત્રે મંદિરના કોઠારી પ.ભ. ગોપાલદાસ રણછોડદાસ કાછેલા તા. ૩-૦૫-૦૫ ના શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

અમદાવાદ : પ.ભ. રમણિકલાલના પિતાશ્રી પ.ભ. ગોવિંદભાઈ નાથાભાઈ હિરપરા (ગામ-તોરી હાલ મણિનગર) તા. ૮-૦૫-૦૫ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.



યજ્ઞોપવિતની એક અદ્‌ભૂતવિધિ "ભિક્ષા ચરણ"ના આ દિવ્યદર્શન જીવમાં ઉતરી જાય તો બેડો પાર થઈ જાય. ખરેખર અદ્‌ભૂત અલૌકિક સ્વરૂપ છે.



પ્રાસંગિક સભામાં શ્રીહરિના બન્ને અપર સ્વરૂપોના દિવ્ય દર્શન



દેશ-વિદેશના નાના મોટા અનેક ભક્તોએ પોતાના પ્રાણપ્યારા પ.પૂ.લાલજી મહારાજને રાજી કરવા પૂજન કરી વિવિધ ભેટ ધરી હતી. તેવા જ એક નાના બાળ સખા અર્જુન સંજયભાઈ સોની સુવર્ણની જનોઈ પહેરાવી રહ્યા છે.




યજ્ઞોપવિત વિધિને રસપૂર્વક નિહાળતાં ગામો ગામથી પધારેલા સાંખ્યયોગી બહેનો





ઉપનયન સંસ્કાર પ્રસંગે શ્રી સ્વા.બાગમાં યોજાયેલ અનિલ ધોળકિયા અને સાથી કલાકારો ના ભક્તિ સંગીતને માણતા પ.પૂ.મહારાજશ્રી, પ.પૂ. શ્રી રાકેશપ્રસાદજી મહારાજ, પ.પૂ. લાલજી મહારાજ, શ્રી રત્નાકર મિશ્રાજી અને સંત સમુદાય





ોક્ષ અને કલ્યાણના આ ઉંબરે સર્વોપરિ શ્રીહરિએ સંપ્રદાયમાં સૌ પ્રથમ સ્વસ્વરૂપ
ી નરનારાયણદેવ પધરાવીને સ્વઆશ્રિતોને અભય વચન આપેલ તે જ ઉંબરે ઉપનયન સંસ્કાર
ાદ દર્શન કરતાં પ.પૂ.લાલજી મહારાજશ્રી "આ છે ધર્મવંશીની દર્શન કરવાની અદ્‌ભૂત રીત"





ઉપનયન સંસ્કાર પ્રસંગે આયોજીત વિશાળ સભામાં સંત હરિભક્તો સમૂહ આરતી ઉતારતાં

Praful Kharsani